નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765 Daily Morning Newspaper




માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ I Date :7 OCTOBER 2024 I MONDAY I Page :8 I Year : 2 I Issue :161 I Price: 2/-

### રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં રવિવારે કેબિનેટ બેઠક મળી

# ૨૦૦૫ અગાઉના કર્મચારીનો જૂની પેન્શન યોજનામાં સમાવેશ કરાશે

## ૨ વર્ષ અને ૧૦ દિવસ બાદ બીજીવાર સરકારનો નિર્ણય, અગાઉની જેમ આ વખતે પણ ઝડપથી પરિપત્ર કરશે

(સામના મિરર, સંવાદદાતા)



ગાંધીનગ.તા.૭

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે રવિવારે કેબિનેટ બેઠક મળી હતી. આ બેઠકમાં રાજ્યની પ્રવર્તમાન પરિસ્થિતિ અંગે ચર્ચા વિચારણા કરાઈ હતી. જેમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે સમીક્ષા કરવામાં આવી હતી. તો બીજી તરફ વરસાદથી થયેલા નુકસાન અંગે પણ સર્વે કામગીરીની માહિતી મેળવવામાં આવી હતી. આ ઉપરાંત વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સત્તા સંભાળ્યાના ૨૩ વર્ષ થતાં ઉજવણી અંગે ચર્ચા તેમજ વર્ષ ૨૦૦૫ અગાઉ જે સરકારી કર્મચારીઓને જૂની પેન્શન યોજનાનો લાભ નથી મળી રહ્યો તો તેવા કર્મચારીઓને જૂની પેન્શન યોજનાનો લાભ મળે તેમજ સરકારી કર્મચારીઓની અન્ય માગણી અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. ચર્ચાને અંતે રાજ્ય સરકારે વર્ષ ૨૦૦૫ અગાઉના ૬૦ હજારથી વધુ કર્મચારીઓને જૂની પેન્શન યોજના હેઠળ સમાવેશ કરવા માટે નિર્ણય લીધો છે.

કેબિનેટ બેઠક બાદ યોજાયેલી પત્રકાર પરિષદમાં પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલ સ્વતંત્ર હવાલો ધરાવતા મંત્રી જગદીશ પંચાલ, રાજ્ય કક્ષાના મંત્રી બચુ ખાબડ હાજર રહ્યા હતા.આ અંગે પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતના ૧૪માં મુખ્યમંત્રી તરીકે નરેન્દ્ર મોદીએ ૭ ઓક્ટોબર, ૨૦૦૧ના રોજ સત્તા સંભાળી હતી. આ સત્તા સંભાળ્યા બાદ નવી રાજનીતિનો ઉદય ગુજરાતથી થયો છે. ગુજરાતમાં નવતર અભિગમ સાથે વર્ષ ૨૦૧૪ સુધી માર્ગદર્શન મળ્યું અને હજુ પણ મળી રહ્યું છે, ત્યારે વર્ષ ૨૦૧૪-૨૦૨૪ સુધી ગુજરાતને નવા વિકાસ પથ પર મૂકી શક્યા છીએ. ગુજરાતે જે કામ કર્યા તે કામ હવે દેશભરમાં થઈ રહ્યા છે. વાઈબ્રન્ટ સમિટ સહિતના તમામ મોડેલ દેશભરમાં પ્રચલિત પણ થયા છે. ૭ ઓક્ટોબરથી ૧૫ ઓક્ટોબર સુધી વિકસિત સપ્તાહનો એક કાર્યક્રમ યોજાશે. આ તમામ દિવસોમાં નવી નવી યોજના પર સમગ્ર ગુજરાતને આંદોલિત કરવાનો નિર્ણય લેવાયો છે. પ્રત્યેક ગામ સુધી તેમજ તમામ લોકો સુધી પહોંચી અને દસ મુદ્દા પર ચર્ચા કરવામાં આવશે.

આ વિકાસ સપ્તાહ દરમિયાન ૧૩ કાર્યક્રમ યોજવામાં આવશે. દર વર્ષે યોજાનારા વિકસિત સપ્તાહ કાર્યક્રમમાં મોદીની વિકાસ પદયાત્રા, સાંસ્કૃતિક માધ્યમ દ્વારા વિકાસ ઉજવણી કરતા ગીત રજૂ કરવામાં આવશે. મોદીની કામગીરીની સફળ ગાથા, સોશિયલ મીડિયા ઝુંબેશ, સફળતા અને સિદ્ધિની ગાથા, શાળા કોલેજમાં વિકાસની થીમ પર કાર્યક્રમ, વિકાસ રથ, ગુજરાતના મહત્વના ૨૩ સ્થળોને હાઈલાઈટ કરવા, ભીંત ચિત્રો બનાવવા વગેરે જેવા કાર્યક્રમની ગુજરાતભરમાં ઉજવણી કરવામાં આવશે. ચાલુ વર્ષે એટલે કે, આવતીકાલથી જે કાર્યક્રમ યોજવા જઈ રહ્યા છીએ તેમાં ૨૩ નક્કી કરેલા સ્થળો પર પદયાત્રા, વકતૃત્વ સ્પર્ધા સહિતના અલગ અલગ કાર્યક્રમ યોજવામાં આવશે.

# ચેન્નાઈમાં ભારતીય વાયુસેનાના એર શોમાં ૩ દર્શકોના મોત, ૨૩૦ લોકોને થઈ ઈજા

(સામના મિરર, સંવાદદાતા)

ચેન્નાઈમાં દરિયા કિનારે ભારતીય વાયુસેનાના આયોજિત એર શોમાં ફાઈટર પ્લેનના રોમાંચક પ્રદર્શનને જોવા માટે આજે રવિવારે સવારના ૧૧ વાગ્યાથી જ દર્શકો ભેગા થયા હતા, ત્યારે ચેન્નાઈના મરિના બીચ પર આયોજિત એર શોમાં ત્રણ દર્શકોના મોત થયા હોવાની જાણકારી મળી છે. જ્યારે ભારે ગરમીના ઉકળાટના કારણે ૨૩૦ લોકોને હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં છે.



પ્રદર્શનની શરૂઆત ભારતીય વાયુસેનાના સ્પેશિયલ ગરુડ ફોર્સના કમાન્ડો દ્વારા સાહસિક કૌશલ્યના પ્રદર્શન કર્યું. જેમાં લાઇટહાઉસ અને ચેન્નાઈ બંદર વચ્ચેના મરિના ખાતે આયોજિત ૯૨માં ભારતીય વાયુસેના દિવસની ઉજવણીમાં એર ચીફ માર્શલ અમરપ્રીત સિંહ, તમિલનાડુના મુખ્યમંત્રી એમકે સ્ટાલિન, નાયબ મુખ્યમંત્રી ઉધયનિધિ સ્ટાલિન, વિવિધ રાજ્યના મંત્રીઓ, ચેન્નાઈના મેયર આર. પ્રિયા સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા.આ હવાઈ પ્રદર્શનમાં લગભગ ૭૦ વિમાનોએ ભાગ લીધો હોવાથી તેની નોંધ 'લિમ્કા બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ'માં થશે.

# હુમલો કર્યો તો પસ્તાવાનો વારો આવશેઃ ઈરાને ફરી ઈઝરાયલને આપી ધમકી

રાજકોટ.તા.૭

ઈરાને ઈઝરાયલ પર રોકેટ દ્વારા કરેલા હવાઈ હુમલાને પાંચ દિવસ વીતી ગયા છે. હવે આ હુમલાનો જવાબ આપવા માટે ઈઝરાયલની સેના ઈરાન પર મોટા હુમલાની તૈયારી કરી રહી છે. ઈઉત્રુ સંપૂર્ણ તાકાત સાથે ઈરાન પર હુમલાની યોજના બનાવી રહ્યું છે, જેથી કરીને ઈરાનને મહત્તમ નુકસાન થઈ શકે. બીજી તરફ ઈરાન પણ સંભવિત વળતા હુમલાની આકરી પ્રતિક્રિયાની યોજના બનાવી રહ્યું છે. ઈરાની સેનાના સૂત્રોના જણાવ્યા અનુસાર, જો ઈઝરાયલ કોઈ પણ કડક પગલું ભરશે તો તેને જડબાતોડ જવાબ આપવામાં આવશે.



## તંત્રી લેખ

–રાજેશ યુ. બગડાઈ

# વિશ્વ બજારમાં તેજીના વળતા પાણી



દેશમાં ચોખા બજાર તથા ઉદ્યોગ ક્ષેત્રે સમીકરણો તાજેતરમાં ઝડપથી બદલાતા જોવા મળ્યા છે. ભારત સરકારે ચોખાની નિકાસ પરના વિવિધ અંકુશો હળવા કરતાં તેના પ્રત્યાઘાતો ઘરઆંગણે તથા દરિયાપારના બજારોમાં તાત્કાલિક દેખાતા થયા છે. ભારત સરકારના આ નિર્ણયના પગલે વિશ્વ બજારમા ચોખાના ભાવમાં ઘટાડો જોવા મળ્યો છે. ભારતના ચોખાની સપ્લાય જે વિશ્વ બજારમાં રંધાઈ હતી તે હવે ફરી શરૂ થશે એવી ગણતરી વચ્ચે વિશ્વ બજારમાંમ ચોખાના ભાવમાં પીછેહટ જોવા મળી હોવાનું દરિયાપારના બજારોના સૂત્રોએ જણાવ્યું હતું. જો કે સરકારના નિકાસ અંકુશો હળવા કરવાના નિર્ણયના પગલે ઘરઆંગણે ચોખાના ભાવમાં સ્થિરતા તથા અમુક અંશે મક્કમતા આવ્યાની ચર્ચા અનાજ બજારમાં સંભળાઈ રહી હતી. નોન-બાસમતી વ્હાઈટ રાઈસની નિકાસ પરના અંકુશો ભારત સરકારે તાજેતરમાં હળવા કર્યા હતા. ભારતના આવા નિર્ણયના પગલે વિશ્વ બજારમાં હવે થાઈલેન્ડ, વિયેતનામ તથા પાકિસ્તાનના ચોખા સામે ભારતના ચોખાની હરિફાઈ ફરી શરૂ થશે અને આવા માહોલમાં આ વિવિધ દેશોના નિકાસકારોએ વિશ્વ બજારમાં ચોખાના ઓફર ભાવો ઘટાડવાની શરૂઆત કરી દીધાની ચર્ચા વિશ્વ બજારમાં સંભળાઈ હતી. સરકારે તાજેતરમાં નોન-બાસમતી ચોખાની નિકાસ પરના અંકુશો દૂર કરવા ઉપરાંત પારબોઈલ્ડ ચોખાની નિકાસ ડ્યુટી ઘટાડી ૧૦ ટકા કર્યાના સમાચાર પણ આવ્યા હતા. આ પૂર્વે ભારતના નિકાસ અંકુશોના પગલે વિશ્વ બજારમાં ચોખાના ભાવ ઉંચકાઈ ૧૪થી ૧૫ વર્ષની ટોચે પહોંચ્યા હતા પરંતુ હવે વૈશ્વીક તેજીના વળતા પાણી જોવા મળ્યા છે. ભારતે નોન-બાસમતી ચોખાની નિકાસ માટે જો કે ટનદીઠ ૪૯૦ ડોલરની મિનિમમ એક્સપોર્ટ ભાવની શરત પણ લાદી હોવાનું ચોખા નિકાસકારોએ જણાવ્યું હતું.

દરમિયાન, ભારતમાં આ વર્ષે ડાંગર-ચોખાના વાવેતરનો વિસ્તાર વધી ૪૧૪થી ૪૧૫ લાખ હેક્ટર્સનો નોંધાયો છે. ઉત્તર-પ્રદેશ, મધ્ય-પ્રદેશ, પશ્ચિમ બંગાળ, હરિયાણા, ઝારખંડ, બિહાર, છત્તીસગઢ વિ. રાજ્યોમાં ડાંગર-ચોખાના વાવેતરના વિસ્તારમાં વૃદ્ધી નોંધાઈ છે. દેશમાં ૨૦૨૩-૨૪ના પાક વર્ષમાં ચોખાનું એકંદરે કુલ ઉત્પાદન વધી ૧૩૮૦ લાખ ટન આસપાસ થવાની શક્યતા જાણકારો બતાવી રહ્યા હતા. દેશમાં જથ્થાબંધ બજારોમાં તાજેતરમાં ચોખાના ભાવમાં પીછેહટ જોવા મળી હતી પરંતુ હવે ભાવ ફરી સુધારા તરફી થવાની શક્યતા જણાઈ રહી છે.

દરમિયાન, કેન્દ્ર સરકારે આંધ્ર-પ્રદેશ, છત્તીસગઢ, મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ, ઓરિસ્સા વિ. રાજ્યોને નેશનલ કો-ઓપરેટીવ કન્ઝ્યુમર્સ ફેડરેશન ઓફ ઈન્ડિયાને એન્ગેજ કરી ખેડૂતો પાસેથી ડાંગર-ચોખાની ખેડૂતો પાસેથી મિનિમમ સપોર્ટ ભાવોએ (ટેકાના ભાવોએ) ખરીદી ઓકટોબરથી શરૂ થયેલી માર્કેટિંગ મોસમમાં કરવા માટે વિનંતી કર્યાના વાવડ મળ્યા છે. આ પાંચ રાજ્યોમાંથી સરકારે ૨૦૨૩-૨૪ની ખરીફ મોસમમાં ટેકાના ભાવોએ આશરે ૨૦૧થી ૨૦૨ લાખ ટન ચોખાની ખરીદી કરી હોવાનું કેન્દ્ર સરકારના કૃષી મંત્રાલયના સૂત્રોએ જણાવ્યું હતું. તાજેતરમાં ફૂડ મિનિસ્ટ્રીએ ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા તથા સંબંધીત રાજ્યોને પત્ર પાઠવી એવું જણાવ્યું છે કે નેશનલ કો-ઓપરેટીવ કન્ઝ્યુમર્સ ફેડરેશન ડાંગરની ટેકાના ભાવોએ ખરીદી-પ્રાપ્તી કરવા વધારાની પ્રોક્યુરમેન્ટ એજન્સી તરીકેની ભૂમિકા નિભાવવા તૈયાર છે. દરમિયાન, ખરીફ મોસમ ૨૦૨૩-૨૪માં આંધ્રમાંથી ૧૪ લાખ ૪૦ હજાર ટન ચોખાની સરકારી ખરીદી નોંધાઈ છે જ્યારે છત્તીસગઢમાંથી આવી ખરીદી ૮૩ લાખ ટન અને મધ્ય-પ્રદેશમાંથી ૨૮ લાખ ૩૦ હજાર ટન અને ઉત્તર-પ્રદેશમાંથી ૩૬ લાખ ટન તથા ઓરિસ્સામાંથી ૩૯ લાખ ૫૦ હજાર ટન ચોખાની ખરીદી નોંધાઈ છે. ચોખાની આવી ખરીદીમાં ધી પ્રાઈમરી એગ્રીકલ્ચર ક્રેડિટ કો-ઓપરેટીવ સોસાયટીઓ તથા સેલ્ફ-હેલ્પ ગ્રુપો સક્રિય રહ્યા છે ત્યારે હવે એનસીસીએફનું નામ પણ આ દિશામાં આગળ આવતાં અનાજ-બજાર તથા કૃષી વિશ્વમાં ખાસ્સી ચર્ચા પણ જન્મી છે.

# આગામી સપ્તાહ નાણાંકીય બજાર માટે પણ મહત્વનું: RBI વ્યાજદર અંગે નિર્ણય લેશે

(સામના મિરર, સંવાદદાતા)




મુંબઈ, તા.૭

આગામી સપ્તાહમાં ભારતીય નાણાંકીય બજાર માટે મહત્વનું બની રહેશે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની મોનેટરીંગ કમિટિની બેઠક સોમવારથી ચાલુ થઇ રહી છે અને તેમાં વ્યાજદર ઘટાડા અંગે નિર્ણય લેવાશે.

તા.૭, ૮ અને ૯ના રોજ મળનારી આ બેઠકમાં બુધવારે રીઝર્વ બેન્કના ગવર્નર શક્તિકાન્તાદાસ નિર્ણય જાહેર કરશે અને વ્યાપક ચર્ચા મુજબ સતત ૧૦મી બેઠકમાં વ્યાજદર યથાવત રાખવા તેવી ધારણા છે.

રીઝર્વ બેન્ક માટે ફુગાવાની ચિંતા છે અને તેમાં મધ્ય પૂર્વના યુદ્ધે ઈંધણ નાખ્યું છે. ક્રુડ તેલનો ભાવ જે એક તબક્કે ઘટીને ૭૦ ડોલર થઇ ગયા હતા તે ફરી વધવા લાગ્યા છે અને હાલ ૭૯ ડોલર પ્રતિ બેરલના ભાવે ટ્રેડ થઇ રહ્યું છે.

માનવામાં આવે છે કે, જો ઇઝરાયેલ ઈરાનના તેલ મથકો પર હુમલો કરે તો ક્રુડ તેલના ભાવ ભડકે બળશે અને યુદ્ધ લાંબુ ચાલુ તો ૧૦૦ ડોલરની સપાટી પણ પહોંચી શકે છે.

જેને કારણે ભારતની આયાત મોંઘી બને ઉપરાંત રુપિયો નબળો છે તેથી ડબલ-ટ્રબલ જેવી સ્થિતિ બની છે અને આરબીઆઇ તેમાં હાલ વ્યાજદર ઘટાડવાનું જોખમ લેશે નહીં રીઝર્વ બેન્ક પર દબાણ છે પરંતુ હવે તેની પાસે જવાબ પણ છે. તેથી ફરી એક વખત તહેવાર ટાંકણે લોન મોંઘી જ રહેશે.

# અગ્નિવીરો માટે ગૂડ ન્યૂઝ, ૨૫%થી વધુ નોકરી 'કન્ફર્મ' થવાના ચાન્સ, કેન્દ્રની વિચારણાં

(સામના મિરર, સંવાદદાતા)

કેન્દ્ર સરકાર અગ્નિવીર યોજનાને શ્રેષ્ઠ બનાવવાના ઉપાયો પર વિચાર કરી રહી છે. આ દરમિયાન સંરક્ષણ મંત્રાલયે ત્રણેય સેનાના પ્રમુખોને પૂછ્યું છે કે શું તે ૨૫ ટકાથી વધુ અગ્નિવીરોને કન્ફર્મ કરવામાં સક્ષમ છે? ત્રણેય સેનાના પ્રમુખ ટૂંક સમયમાં આ વિશે સરકારને પોતાનો મત સોંપી શકે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર કોરોના કાળમાં સેનામાં ભરતી ન થવાના કારણે ત્રણેય સેનામાં જવાનોના પદ ખાલી છે તેથી આગામી દિવસોમાં ૨૫ ટકાથી વધુ અગ્નિવીરોને કન્ફર્મ કરવાની તક મળી શકે છે. જોકે ત્રણેય સેનાઓની અંદર આ મામલે હજુ ઊંડાણપૂર્વક વિચારણાની પ્રક્રિયા ચાલી રહી છે પરંતુ જો ખાલી પદના આધાર પર અગ્નિવીરોનું સ્થાયીકરણ થાય છે તો વધુ અગ્નિવીરોનું કન્ફર્મ થવું નક્કી માનવામાં આવી રહ્યું છે. વાયુસેના પ્રમુખ એ. પી. સિંહે કહ્યું કે 'સરકારે ત્રણેય સેનાને આ વિશે પૂછ્યું છે. તેની પર વિચારણા ચાલી રહી છે તથા અમે પોતાનો મત સરકારને ટૂંક સમયમાં સોંપીશું.' કેન્દ્ર સરકારે ૨૦૨૨માં અગ્નિપથ યોજનાની શરૂઆત કરી હતી જેના હેઠળ ત્રણેય સેનામાં ચાર વર્ષ માટે અગ્નિવીરોની ભરતીની યોજના આરંભ કરવામાં આવી હતી. યોજના હેઠળ ચાર વર્ષનો કાર્યકાળ પૂરો થવા પર મહત્તમ ૨૫ ટકા સુધી અગ્નિવીરોને કાયમી કરવામાં આવશે. આ માટે તેમને અલગથી એક ટેસ્ટ પાસ કરવી પડશે. ત્યારથી ત્રણેય સેનાઓમાં અગ્નિવીરોની સતત ભરતી થઈ રહી છે.

# આયુષ્યમાન કાર્ડને હવે ગુગલ વોલેટ સાથે લિંક કરી શકાશે

(સામના મિરર, સંવાદદાતા)

નવીદિલ્હી,તા.૫

આયુષ્યમાન ભારત હેલ્થ કાર્ડનો ઉપયોગ કરનારાઓને ઝડપથી નવી સુવિધા મળનાર છે. જે અંતર્ગત ઉપયોગકર્તા આયુષ્યમાન ભારત હેલ્થ કાર્ડને ગુગલ વોલેટથી લિંક કરી શકશે. આથી ઉપયોગકર્તાઓને ઘણી સુવિધા મળશે. ગુગલ બ્લોગ પોસ્ટના અનુસાર તેના માટે હજુ ૬ મહિના રાહ જોવી પડશે. આના માટે ગુગલે ઈકા કેર સાથે ભાગીદારી કરી છે. આ એજન્સી ભારતમાં ડિઝિટલ હેલ્થ આઈડી જાહેર કરી છે. ગુગલના બ્લોગ રીપોર્ટનુ માનીએ તો યુઝર્સને આ સુવિધા વર્ષ ૨૦૨૫ની શરૂઆતમાં મળવા લાગશે.આ સુવિધાના શરૂ થવાથી દેશના ૬૦ કરોડથી વધુ કાર્ડધારક પોતાના મેડીકલ રેકોર્ડને દેશમાં ક્યાંયથી પણ જોઈ શકશે. આ સુવિધા શરૂ થયા બાદ લોકો પોતાના મેડીકલ રીપોર્ટને ક્યાંથી પણ જોઈ શકશે.

ગુગલ વોલેટથી આયુષ્યમાન કાર્ડને લિંક કરવા માટે યુઝર્સે પોતાના બાયોમેટ્રિકથી તેને વેરીફાઈ કરવુ પડશે.

# ગુજરાત ATS અને NCBનું સંયુક્ત ઑપરેશન, ભોપાલમાંથી MD ડ્રગ્સની ફેક્ટરી ઝડપી પાડી

## રૂ. ૧૮૪૨ કરોડનું મેફેડ્રોન જપ્ત : હર્ષ સંઘવીએ સરકારી એજન્સીઓની પ્રસંશા કરી, મધ્ય પ્રદેશ પોલીસનો આભાર માન્યો

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ.તા.૭

ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડ અને નારકોટિક્સ કંટ્રોલ બ્યૂરોની ટીમે મધ્ય પ્રદેશની રાજધાની ભોપાલમાં સંયુક્ત ઑપરેશન હાથ ધરીને ડ્રગ્સની ફેક્ટરીનો પર્દાફાશ કર્યો છે. જ્યાંથી ૧,૮૧૪ ૨ કરોડની કિંમતનો મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો જપ્ત કરીને ૨ લોકોની ધરપકડ કરી છે.

આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ, ગુજરાત અઝજ અને દિલ્હી ગઇઇની ટીમે ભોપાલ નજીક બગરોડા ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં ફેક્ટરી પર દરોડા પાડ્યા હતા. જ્યાંથી ૯૦૭.૦૯ કિગ્રા મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. જેની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત ૧૮૧૪ કરોડ રૂપિયા થવા જાય છે.ગુજરાત અઝજના અધિકારીએ જણાવ્યું કે, આ સૌથી મોટી ગેરકાયદે ધમધમતી ફેક્ટરી છે, જ્યાં અમારી ટીમે



દરોડો પાડ્યો છે. આ ફેક્ટરીમાં દરરોજ ૨૫ કિગ્રા એમડી ડ્રગ્સનું ઉત્પાદન કરવામાં આવતું હતુ. જે સમયે દરોડો પાડ્યો, ત્યારે પણ ડ્રગ્સ બનાવવાની પ્રક્રિયા ચાલી રહી હતી. આ મામલે અમિત ચતુર્વેદી (૫૭) અને સાન્યાલ પ્રકાશ બાને (૪૦) નામના બે ઈસમોની ધરપકડ કરવામાં આવી છે.

પોલીસની પ્રાથમિક પૂછપરછમાં સામે આવ્યું કે, અગાઉ ૨૦૧૭માં પણ મહારાષ્ટ્રમાં ડ્રગ્સ કેસમાં આરોપી પ્રકાશ બાનેની ધરપકડ થઈ ચૂકી છે. જે લગભગ ૫ વર્ષ સુધી જેલમાં રહ્યો હતો. જો કે જેલમુક્ત થયા બાદ ઝડપથી પૈસા કમાઈને અમીર બનાવા માટે અમિત ચતુર્વેદી સાથે સાંઠગાંઠ કરીને ગેરકાયદેસર ડ્રગ્સનું ઉત્પાદન અને વેચાણ કરવા કાવતરું રચ્યું હતુ. જેના માટે તેમણે ભોપાલ શહેરની નજીક એક ફેક્ટરી ભાડે લીધી હતી. છેલ્લા ૩-૪ મહિનાથી આરોપીઓ એમડી ડ્રગ્સ બનાવીને વેચતા હતા. આ અંગે હર્ષ સંઘવીએ ડ્રગ્સનુ દૂષણ દૂર કરવા માટે સરકારી એજન્સીઓના પ્રયત્નોની સરાહના કરતા જણાવ્યું કે, માદક પદાર્થો સામેની જંગમાં સૌથી મોટી જીત માટે ગુજરાત અઝજ અને દિલ્હી ગઇઇને શુભેચ્છા. તાજેતરમાં જ આ ટીમોએ ભોપાલમાં એક ફેક્ટરીમાં દરોડો પાડ્યો અને ખઉ ડ્રગ્સ અને તેને બનાવવા માટે ઉપયોગમાં લેવાતો સામાન કબજે કર્યો. જેની અંદાજિત કિંમત રૂ. ૧૮૧૪ કરોડ થવા જાય છે.

# 'વાદલડી વરસી રે..!' સૌરાષ્ટ્રમાં નવરાત્રિની રમઝટ વચ્ચે મેઘાવી માહોલ, વરસાદે ખેલૈયાઓની મજા બગાડી

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ.તા.૦૭

ગુજરાતના ૬૦ ટકાથી વધુ ભાગમાંથી નૈઋત્યના ચોમાસાની વિદાય થઈ ચૂકી છે. જો કે વિદાય લઈ રહેલા ચોમાસા વચ્ચે ગુજરાતમાં ગરમીનું પ્રમાણ સતત વધી રહ્યું હોવાથી દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં પોસ્ટ મોન્સૂન વરસાદની આગાહી કરવામાં આવી હતી. જેના ભાગરૂપે આજે બપોર બાદ જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં વરસાદી માહોલ જોવા મળ્યો હતો.

આજે બપોર બાદ જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાના ગ્રામ્ય પંથકમાં વરસાદ વરસ્યો હતો. જે બાદ મોડી રાતે ફરીથી વરસાદ શરૂ થતાં ખેલૈયાઓની મજા બગડી હતી. આ સાથે જ ગરબા આયોજકો પણ ચિંતામાં મૂકાયા હતા. અનેક ઠેકાણે તો ગરબા આયોજકોને



## બપોર બાદ જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાના ગ્રામ્ય પંથકમાં વરસાદ વરસ્યો

કાર્યક્રમ રદ્દ કરવાની ફરજ પણ પડી છે.

જૂનાગઢ જિલ્લાના કેશોદમાં પણ મોડી સાંજે વરસાદી ઝાપટાં શરૂ થઈ ગયા હતા. ખેલૈયાઓ ગરબા રમવામાં મશગુલ હતા, ત્યારે જ વરસાદ શરૂ થઈ જતાં ગરબા ગ્રાઉન્ડ પર અફરાતફરી મચી જવા પામી હતી. ટ્રેડિશનલ ડ્રેસમાં સજ્જ કેટલાક ખેલૈયાઓ વરસાદથી બચવા માટે દોડતા જોવા મળ્યા હતા. જ્યારે ગરબા ગ્રાઉન્ડમાં મૂકેલી સાઉન્ડ સિસ્ટમને પણ પ્લાસ્ટિકથી ઢાંકી દેવામાં આવી હતી.

જાણીતા હવામાન નિષ્ણાંત પરેશ ગોસ્વામી દ્વારા આગાહી કરવામાં આવી હતી કે, અત્યારે પણ સૌરાષ્ટ્રના ભાવનગર, જૂનાગઢ, અમરેલી અને ગીર-સોમનાથ તેમજ દક્ષિણ ગુજરાતના ભાગોમાં ચોમાસું સક્રિય છે. જેના કારણે ભેજનું પ્રમાણ વધારે જોવા મળી રહ્યું છે. આ ઉપરાંત છેલ્લા કેટલાક દિવસથી તાપમાનમાં પણ સતત વધારો જોવા મળી રહ્યો છે. જો આગામી દિવસોમાં પણ આવી રીતે તાપમાન ઊંચકાતું રહેશે, તો ૮ ઓક્ટોબરથી પાંચેક દિવસ સુધી ગુજરાતના અલગ-અલગ ભાગોમાં પોસ્ટ મોન્સૂન વરસાદ પડી શકે છે.

# ગરબીની લાણી માટે આઈટમોનો ખજાનો

## (રૂ.૫૦ થી લઈને રૂ.૧૫૦૦સુધીની વસ્તુઓ હોલસેલ ભાવ પર મળશે




**વસંતભાઈ બગડાઈ**
મો. ૮૨૦૦૩૦ ૭૪૫૫, ૯૮૨૪૮૧ ૪૮૨૯



# શ્રી કૃષ્ણ ટોયઝ માર્ટ

**લોહાણાપરા મેઈન રોડ, હનુમાન મંદિર પાસે**

# ગુજરાત કપાસ ક્ષેત્રને લઈ દેશમાં બીજા ક્રમે

(સામના મિરર, સંવાદદાતા)

ભારત અને ગુજરાતના અર્થતંત્રમાં કપાસ ખૂબ જ અગત્યની ભૂમિકા ભજવે છે. તેનું ઉદાહરણ જોઈએ તો, ગુજરાતની વર્ષ ૧૯૬૦માં સ્થાપન થઈ ત્યારે ગુજરાતની કપાસ ઉત્પાદકતા માત્ર ૧૩૯ કિ.ગ્રા રૂ પ્રતિ હેક્ટર હતી, જે આજે વધીને આશરે ૬૦૦ કિ.ગ્રા રૂ પ્રતિ હેક્ટર સુધી પહોંચી છે. આ આંકડા પરથી જ અંદાજ લગાવી શકાય કે, સંશોધન, વિસ્તરણ, સરકારના ખેડૂતલક્ષી અભિગમ અને ખેડૂતોના અથાગ પ્રયત્નોથી રાજ્યને અબજો રૂપિયાની આવક કપાસ દ્વારા થઇ છે. જે કોઈપણ રાજ્યના અર્થતંત્ર માટે નાની-સૂની બાબત નથી.

કૃષિ મંત્રી રાઘવજી પટેલે કપાસ સંદર્ભે વિગતવાર વાત કરતાં જણાવ્યું હતું કે, ભારત દેશ આઝાદ થયો ત્યારે સુતરાઉ કાપડની મોટાભાગની મીલો ભારતમાં રહી અને કપાસનું સારૂ ઉત્પાદન કરતો પ્રદેશ પાકિસ્તાનના ભાગે ગયો. પરિણામે ભારતમાં કાચા માલની ખેંચ રહેવાથી કિંમતી હુંડિયામણ ખર્ચીને આપણે વિદેશથી કપાસની આયાત કરવી પડતી હતી.વર્ષ ૧૯૭૧માં સુરત ખાતેના સંશોધન ફાર્મ દ્વારા સંશોધન બાદ વિકસાવેલી કપાસની સંકર-૪ નામની જાત પછી સમગ્ર દેશમાં સંકર કપાસનો યુગ શરૂ થયો અને ટૂંક સમયમાં જ ભારતની કપાસ ઉત્પાદકતામાં ધરખમ વધારો થયો. જેના પરિણામે ભારતની કાચા માલની જરૂરીયાત તો પૂર્ણ થઈ જ, પરંતુ વધારાના ઉત્પાદનની નિકાસ પણ આપણો દેશ કરતો થયો. વર્ષ ૨૦૨૧માં ભારતે રેકોર્ડ બ્રેક ૧૦,૭૮૭ મીલીયન ડોલરની કિંમતના કપાસનો નિકાસ કર્યો હતો.



ગુજરાતનાં તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ છેલ્લા બે દાયકામાં કપાસ ઉત્પાદન ક્ષેત્રે ગુજરાતનું ચિત્ર બદલાયું છે. તેમના સબળ નેતૃત્વ હેઠળ થયેલા વિવિધ પ્રયાસોના પરિણામે વર્ષ ૨૦૦૧-૦૨ સુધી ગુજરાતમાં કપાસનો વાવેતર વિસ્તાર જે ૧૭.૪૦ લાખ હેક્ટર હતો, તે વર્ષ ૨૦૨૩-૨૪ સુધીમાં વધીને ૨૬.૮૩ લાખ હેક્ટર થયો છે. સાથે જ, કપાસનું ઉત્પાદન પણ ૧૭ લાખ ગાંસડીથી વધીને વર્ષ ૨૦૨૩-૨૪માં ૯૨.૪૭ લાખ ગાંસડી અને ઉત્પાદકતા ૧૬૫ કિ.ગ્રા. રૂ પ્રતિ હેક્ટરથી વધીને વર્ષ ૨૦૨૩-૨૪ સુધીમાં ૫૮૯ કિ.ગ્રા. રૂ પ્રતિ હેક્ટર સુધી પહોંચી છે.

આટલું જ નહીં, વર્ષ ૨૦૨૧-૨૨માં ગુજરાત રાજ્ય ૨૨.૪૫ લાખ હેક્ટરના વાવેતર વિસ્તાર, ૭૩.૮૮ લાખ ગાંસડી ઉત્પાદન અને ૫૫૯ કિ.ગ્રા. પ્રતિ હેક્ટરની ઉત્પાદકતા સાથે સમગ્ર દેશમાં દ્વિતીય ક્રમ ધરાવતું રાજ્ય બન્યું હતું.

**કપાસની સંકર–૪ નામની જાત પછી સમગ્ર દેશમાં સંકર કપાસનો યુગ શરૂ થયો અને ટૂંક સમયમાં જ ભારતની કપાસ ઉત્પાદકતામાં ધરખમ વધારો થયો**

આજે પણ ગુજરાત દ્વિતીય ક્રમે યથાવત છે. રાજ્ય સરકારની અનેકવિધ પ્રોત્સાહન આપતી યોજનાઓ અને કપાસ સંવર્ધનના પ્રયાસોના પરિણામે આવનાર સમયમાં ગુજરાત સમગ્ર દેશના કપાસ ઉત્પાદનનું હબ બનશે અને દેશના કુલ કપાસ ઉત્પાદનમાં ગુજરાતનું યોગદાન સૌથી વધુ ગુજરાતનું રહેશે, તેવો મંત્રીશ્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

બીટી કપાસ યુગમાં પણ સમગ્ર દેશમાં બીટી સંકર જાતો વિકસાવવા અને તેની માન્યતા મેળવવામાં ગુજરાત અગ્રેસર રહ્યું હતું. ગુજરાત સરકારના સઘન પ્રયત્નો થકી જાહેર ક્ષેત્રની પ્રથમ ૨ બીટી સંકર જાતો - ગુજરાત કપાસ સંકર-૬ બીજી-૨ અને ગુજરાત કપાસ સંકર-૮ બીજી-૨ને વર્ષ ૨૦૧૨માં ભારત સરકાર દ્વારા માન્યતા મળી હતી. ત્યારબાદ વર્ષ ૨૦૧૫માં અન્ય બે બીટી સંકર જાતો - ગુજરાત કપાસ સંકર-૧૦ બીજી-૨ અને ગુજરાત કપાસ સંકર-૧૨ બીજી-૨ જાતો વિકાસવીને ગુજરાતે ખેડૂતોને કપાસ વાવેતર માટે બીટી કપાસની ચાર જાતો વાવેતર માટે ઉપલબ્ધ કરાવી.

સમગ્ર વિશ્વમાં સતત થઇ રહેલ વસ્તી વધારાના કારણે ભવિષ્યમાં કુદરતી રેસા, વસ્ત્રો, ખાદ્યતેલ અને પશુ આહાર માટેના કપાસીયા ખોળની હાલ કરતા વર્ષ ૨૦૩૦ સુધીમાં દોઢ ગણી અને ૨૦૪૦ સુધીમાં બમણી સંભવિત જરૂરીયાતો ઊભી થશે.


# જમાલ કુડુ-સકીરાના ગીત પર ખેલૈયાના ઠુમકાઃ
# રાજકોટમાં નીલ સિટી ક્લબ ગરબામાં ડાન્સ પાર્ટી


## પૂર્વ CM રૂપાણીએ કહ્યું– નાચવું અને રાસ એ બન્નેમાં ફેર, સરકાર નજર રાખે

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ,તા.૭

રાજકોટના નીલ સિટી ક્લબ ગરબામાં ગઈકાલે જમાલ કુડુ અને સકીરા ગીત પર ખેલૈયાઓએ ડાન્સ કર્યો હતો. જેને લઈને વિવાદ થયો છે. આ ડાન્સના વીડિયો સોશિયલ મીડિયામાં વાઇરલ થયા છે. જેને લઈને પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે, નાચવું અને રાસ લેવો એ બન્નેમાં ફેર છે. સરકારે નજર રાખવી જોઈએ. પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી જણાવ્યું હતું કે, જે વીડિયો પ્રસારિત થયા છે એમાં હું તેને વખોડી કાઢું છું. હિન્દુ સંસ્કૃતિ, આપણી પરંપરા અને નવરાત્રિનું મહત્વ. નવરાત્રિ ઉત્સવ એ માતાજીની આરાધનાનો ઉત્સવ





છે. ભલે પ્રાચીન ગરબીઓને આજના સમયમાં અર્વાચીન થાય. મોટી સંખ્યામાં યુવાઓ આવીને ત્યાં બધા રાસ લે. નાચવું અને રાસ લેવો એ બન્નેમાં ફેર છે. થર્ટી ફર્સ્ટમાં જે ઉજવણી થાય છે એ નાચવાની થાય છે. નવરાત્રિમાં માની આરાધનાની સાથે રાસ લઈએ છીએ. ત્યારે ગઈકાલે સકીરાના ડાન્સ અને આ પ્રકારે જે આયોજકે કર્યું છે તેને હું સખ્ત શબ્દોમાં વખોડું છું.

જોકે, ગરબામાં થયેલા વિવાદ અંગે આયોજક સમર્થ મહેતાએ નિવેદન આપતા જણાવ્યું હતું કે, અમે ૧૭ વર્ષથી આ આયોજન કરીએ છીએ. આ જે વીડિયો છે તે છેલ્લી ૧૫ મિનિટનો છે. અગાઉની ૪ કલાક અમે માત્ર ગરબા પર જ રાસોત્સવ કરીએ છીએ. છેલ્લા ૧૫ વર્ષથી અમે આ છેલ્લી ૧૫ મિનિટ બોલીવુડ સ્ટાઈલ કરીએ છીએ છતાં પણ અમે નૈતિકતાના ધોરણે આજે અમારી કમિટીની બેઠક બોલાવી છે. કાયદાનું પાલન પણ અમે કરીએ છીએ. વધુમાં જણાવ્યું હતું કે, નવી પેઢી પર એની ખરાબ અસર પડે, હિન્દુ સંસ્કૃતિની લાગણી ઘવાય તેવું કોઈપણ પ્રકારનું આયોજન થવું ન જોઈએ. સરકારે પણ આ અંગે ગુજરાતમાં જ્યાં પણ ગરબાના મોટા આયોજન થતા હોય ત્યાં નજર રાખવી જોઈએ. મર્યાદામાં નવરાત્રિ મહોત્સવ ઉજવાય એનું ધ્યાન રાખે એ અતિ આવશ્યક છે. નવરાત્રિ મહોત્સવ સ્ત્રીઓના સન્માનનો કાર્યક્રમ છે. તેમાં આ પ્રકારના જે ડાન્સો છે એ કોઈપણ સંજોગોમાં ચાલે નહીં અને આ પ્રકારે અટકાવવું જોઈએ.

સનાતન ધર્મ સમિતિના સંત જ્યોર્તિનાથ મહારાજે જણાવ્યું હતું કે, રાજકોટના એક ગરબામાં ફિલ્મી ગીતો અને નશાના ગીતો વગાડવામાં આવ્યા હતા. દારૂના ગીતો વગાડવામાં આવ્યા. ગરબાની પરમિશન લીધી હોય તો ગરબા જ વગાડવા જોઈએ. ભાગીતળ ગરબાની અંદર આ ન્યૂસન્સ નાખી અને જે પ્રકારનું કૃત્ય થાય છે એ ખરેખર નિંદનીય છે. ક્યાંય ચલાવી લેવાય તેમ નથી. આયોજક સામે પોલીસ એક્શન લેવાવા જોઈએ.વધુમાં જણાવ્યું હતું કે, લોકોએ પણ જાગવાની જરૂર છે. આવું થતું હોય ત્યાં રોકવાની જરૂર છે. યુવાપેઢીની અંદર આવા પ્રોગ્રામ થતા હોય તો તમે શું પ્રેરણા આપો. સંસ્કૃતિની વાતો કરવી છે તો સંસ્કૃતિ સાચવવી પડે. સનાતન ધર્મના તહેવારોમાં આવી બેજવાબજારીપૂર્વકના કૃત્ય થતા હોય તો ત્યાં હાજર પોલીસકર્મીએ પણ ધ્યાન દોરવું જોઈએ. આવું થતું હોય તો તેને રોકવાની કોશિશ કરવી જોઈએ. રોકવું જોઈએ સંસ્કૃતિ વિરૂદ્ધનું કાર્ય થતું હોય તો સમાજે રોકવાની જરૂર છે.

# રાસોત્સવના મેદાનના પ્લોટની કોર્પોરેટરે વિગતો માગી

## કોર્પોરેટર ભાવેશ દેથરિયાએ મનપાએ ભાડે આપેલી જગ્યા માટે કમિશનરને પત્ર લખ્યો



(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ,તા.૭

રાજકોટ શહેરમાં અર્વાચીન રાસોત્સવ માટે મનપાના પ્લોટ સસ્તા મેળવવા માટે ભાજપની નજીકના નેતાઓ રિતસર રિંગ કરી નાખે છે. ટેન્ડર થતા પહેલાં જ બેઠકો કરીને મફતના ભાવે જગ્યા મેળવી લેવાય છે. બાદમાં જેટલી જગ્યાનું ભાડું હોય તેના કરતા મોટી જગ્યા લઈ તેના પર રાસડા રમાડે છે. જોકે આ વખતે ભાજપમાં જ રાસડા થયા છે કારણ કે આ નીતિ ખુલ્લી પાડવા ભાજપના જ કોર્પોરેટર ભાવેશ દેથરિયાએ વિગતો માગી છે. વોર્ડ નં.૬ના કોર્પોરેટર અને મનપાની બાંધકામ સમિતિના ચેરમેન ભાવેશ દેથરિયાએ સ્ટેન્ડિંગ કમિટી પહેલાં મળેલી સંકલનની બેઠકમાં હાજરી આપી હતી. દેથરિયાએ વિગતો માગી છે કે, મનપા જે પ્લોટ અર્વાચીન રાસોત્સવ માટે ભાડે આપે છે તેમાં કેટલા હિસ્સામાં રમી શકાય અને કેટલામાં પાર્કિંગ હોય છે? રાસોત્સવ માટે જે જગ્યા ભાડે અપાય છે તેનું ભાડું કેટલું અને અન્ય હેતુ માટે અપાય છે ત્યારે ભાડું કેટલું આવે છે? મેદાન ભાડે આપ્યા બાદ તેની માપણી થાય છે કે નહિ, જો થતી હોય તો ગત વર્ષની માપણી આપવી, ગત વર્ષે કેટલા માપનું ક્યા આયોજકે કેટલું ભાડું ચૂકવ્યું? આ બધા સવાલોના જવાબ નવરાત્રિ પૂરી થાય તે પહેલા માગ્યા છે.

# પંખીડા તું ઉડી જાજે પાવાગઢ રે....ગોપી રાસોત્સવમાં સિંગરો અને બહેનો વચ્ચે જામ્યો જંગ

## ત્રણ કલાક સુધી જામે છે સૂર-તાલ અને બહેનોના જોશ વચ્ચે સ્પર્ધાઃ વિજેતા બહેનોને લાખેણા ઇનામો



(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ,તા.૭

સરગમ લેડીઝ કલબ દ્વારા યાજ્ઞિક રોડ ઉપર ડી.એચ.કોલેજના ગ્રાઉન્ડમાં ચાલી રહેલા ગોપી રાસોત્સવમાં સિંગર અને ગરબા રમતી બહેનો વચ્ચે જાણે કે જોશ અને જુસ્સાનો જંગ જામ્યો હોય તેવો માહોલ ઉભો થાય છે.સતત ત્રણ કલાક સુધી સિંગરો ની કલા અને બહેનોને જોશ વચ્ચેનો સંગમ નિહાળવા માટે રાજકોટ વાસીઓ મોટી સંખ્યામાં ઉમટી પડે છે.

આ રાસોત્સવ નીહાળવા માટે વિવિધ ક્ષેત્રના મહાનુભાવો પણ ઉપસ્થિત રહેલ જેમાં વિજયભાઈ રૂપાણી, નીતીનભાઈ ભારદ્વાજ, મુકેશભાઈ દોશી, પ્રતાપભાઈ પટેલ, નાઠાભાઈ કાલરીયા, ખોડીદાસભાઈ પટેલ, પરસોતમભાઈ કમાણી, છગનભાઈ ગઢીયા, હરેશભાઈ પરસાણા, શિવલાલભાઈ બારસીયા, અશ્વીનભાઈ આદ્રોજા, પરેશભાઈ દવે (વોઈસ ઓફ ડે - તંત્રી), રાજાભાઈ હિન્દુજા, જયેશભાઈ લોટીયા, અરવિંદભાઈ ઢોલરીયા, રાકેશભાઈ દેસાઇ, રવીભાઈ ભટ્ટ, જયસુખભાઈ ડેલાવાળા, દિનેશભાઇ વીરાણી, ઉમેશભાઈ શેઠ, વિજયભાઈ કારીયા, કિરીટભાઈ બારસીયા, દિનેશભાઈ કાંસુદા, અશોકભાઇ વાઘેલા, દિવ્યેશભાઇ રાયઠઠ્ઠા, અંજલીબેન રૂપાણી, વંદનાબેન ભારદ્વાજ, હેલીબેન ત્રીવેદી, ડો. બીનાબેન પટેલ, ગાયત્રીબા વાઘેલા તેમના હસ્તે વિજેતા બહેનોને લાખેણા ઈનામો આપવામાં આવે છે.પાંચમુ નોરતું તા. ૦૭/૧૦/૨૪ નાં ગોપિરાસ માં મુખ્ય મહેમાન તરીકે મહાનુભાવો હાજરી આપશે.

# બાયોમેટ્રિકમાં ૧૦૦ ટકા કામ થયું નથી તો ૯૭ ટકા વિતરણ કેમ

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ,તા.૭

સરકારી નિતી સામે હડતાલ ઉપર ઉતરેલા સસ્તા અનાજના દુકાનદારોના કારણે તહેવાર ટાંણે જ ગરીબ પરિવારોને અનાજ-પૂરવઠો નહી મળતા દેકારો બોલી ગયો છે. ત્યારે રાજકોટ આવેલા એસોસિયેશનના પ્રમુખ પ્રહલાદ મોદીએ સરકારી તંત્ર સામે ગંભીર આક્ષેપ કરતા ચકચાર મચી ગઈ છે



તેમણે કહ્યું હતું કે, સરકારની શરત કહેવત જેવી છે 'કૂવામાં હોઈ તો અવેળામાં આવે' બાયોમેટ્રિકમાં ૧૦૦ ટકા કામ થયું નથી તો ૯૭ ટકા વિતરણ કેમ થાય ?તેમણે વધુમાં કહ્યું હતું કે, અમે ૩૦ હજાર કમિશનની માંગણી કરી હતી. પરતું સરકારે ૨૦ હજાર કમિશનની જાહેરાત કરી તેમાં પણ આકરા નિયમો બનાવ્યા, ૯૭ ટકા વિતરણ હોય તે દુકાનદારને જ ૨૦ હજાર કમિશન મળશે. આ માટે સરકારી તંત્ર દ્વારા કરવામાં આવેલ બાયોમેટ્રિકની કામગીરી સામે સવાલ ઉઠાવ્યા હતા. સરકારીએ ૧૦૦ ટકા કામ કર્યું નથી તે કામ અમારી પાસે ૧૦૦ ટકા માંગવામાં આવે છે.

તેમણે વધુમાં કહ્યું હતું કે, અમે ૩૦ હજાર કમિશનની માંગણી કરી હતી. પરતું સરકારે ૨૦ હજાર કમિશન આપ્યું, અમારી માંગણી મુજબ શરતોનો ઉમેરો કરવામાં આવ્યો નથી. બે દિવસ પહેલા ત્રણ-ત્રણ વખત ચર્ચા થયા બાદ આગામી સોમવારે વધુ એક વખત મંત્રણા માટે સરકારે બોલવ્યા છે. રાજકોટ સહિત રાજયના ૧૭,૦૦૦ રેશનિંગ દુકાનદારોની બે મુદ્દતી હડતાલના પાંચમાં દિવસે રાજકોટમાં આજે ગુજરાત ફેર પ્રાઈઝ શોપ એસોસીયેશનના પ્રમુખે સૌરાષ્ટ્રના સસ્તા અનાજના દુકાનદારો સાથે બેઠક કરી આંદોલનની રણનીતિ અંગે ચર્ચા કરવામાં આવી હતી.

# પશ્ચિમ રેલવે એ રેકોર્ડ સમયમાં ઉત્પાદકતા થી જોડાયેલ બોનસ (PLB) ની ૧૦૦% ચુકવણી કરી

(સામના મિરર, સંવાદદાતા)

અમદાવાદ એક્સપ્રેસ

પશ્ચિમ રેલવે
Western Railway

રાજકોટ,તા.૭

પશ્ચિમ રેલ્વે એ જાહેરાત કરતાં ગર્વ અનુભવે છે કે તેણે રેલ્વે બોર્ડની જાહેરાતના ૨૪ કલાકમાં તમામ પાત્ર કર્મચારીઓને એટલે કે લગભગ ૮૫,૦૦૦ નોન-ગેઝેટેડ કર્મચારીઓને ૧૪૩ કરોડ રૂપિયાના ઉત્પાદકતા થી જોડાયેલ બોનસ (ડ્ઢ્ઢઈ)ની ૧૦૦% ચુકવણી સફળતાપૂર્વક પૂર્ણ કરી છે. પશ્ચિમ રેલવે ના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી વિનીત અભિષેક દ્વારા જારી કરવામાં આવેલી પ્રેસ રીલીઝ મુજબ, પશ્ચિમ રેલ્વેમાં કામ કરતા દરેક એટલેકે લગભગ ૮૫,૦૦૦ નોન-ગેઝેટેડ કર્મચારીઓને ઉત્પાદકતા થી જોડાયેલ બોનસ (ડ્ઢ્ઢઈ) વિતરણ કરવામાં આવ્યું છે. આ ઉત્કૃષ્ટ સિદ્ધિ એ છ મંડળો,તમામ કારખાનાઓ, એકમો અને હેડક્વાર્ટરના અધિકારીઓ અને કર્મચારીઓની અતૂટ પ્રતિબદ્ધતા અને અથાક પ્રયત્નોનો પુરાવો છે, જેમણે નિર્બાધ વિતરણ સુનિશ્ચિત કરવા માટે એકાઉન્ટ્સ વિભાગ સાથે સંપૂર્ણ સંકલનમાં કામ કર્યું હતું. પશ્ચિમ રેલવેની આ સિદ્ધિ તેના કર્મચારીઓની પ્રતિબદ્ધતા અને તેમના કલ્યાણને પ્રાથમિકતા આપવાના સંકલ્પને રેખાંકિત કરે છે.

# પોલીસના ન્યાયની રાહઃ પ્ર.નગર પોલીસ સ્ટેશનમાંથી ૧૫ લાખની કિંમતનો સોનાનો ઢાળિયો ગુમ થઈ ગયો

### કોર્ટે તો ન્યાય આપી દીધો, પરંતુ ભોગ બનનારને હજુ પોલીસના ન્યાયની રાહ

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ,તા.૭

શહેરના જંક્શન પ્લોટ વિસ્તારમાં રહેતા શિક્ષિકાના મકાનમાં ૩ વર્ષ પહેલાં થયેલી ૧૭ તોલા સોનાની ચોરીનો ભેદ તો એ વર્ષે જ ઉકેલાઇ ગયો હતો. પોલીસે તસ્કર પાસેથી ચોરાઉ ઘરેણાંના સોનાનો ઢાળિયો કબજે કર્યો હતો. ૩૦ વર્ષે શિક્ષિકાને ન્યાય મળ્યો હતો અને શિક્ષિકાને મુદ્દામાલ સોંપી દેવા આદેશ કર્યો હતો, પરંતુ પ્ર.નગર પોલીસ સ્ટેશનમાંથી ૧૫ લાખની કિંમતનો સોનાનો ઢાળિયો ગુમ થઇ ગયો હોય શિક્ષિકાને પોતાનો મુદ્દામાલ મળ્યો નથી. પીઆઇ ઝણકાંતે કહ્યું હતું કે, સોનાનો ઢાળિયો ક્યાં છે તે જાણવા તપાસ કરવામાં આવશે અને ૩૦ દિવસમાં આ અંગેની તપાસ પૂર્ણ કરી ઢાળિયો મળી જશે તો શિક્ષિકાને સોંપી દેવાશે નહીંતર ચોરીનો ગુનો નોંધવામાં આવશે. જંક્શન પ્લોટ શેરી નં.૧૪માં રહેતા શિક્ષિકા મૃદુલાબેન અરવિંદભાઇ ઠાકરના ઘરમાં ૧૯૯૪માં ચોરી થઇ હતી અને તેમાં ૧૭ તોલા સોનાના ઘરેણાં તસ્કર ઉઠાવી ગયો હતો. ક્રાઇમ બ્રાંચે ૧૯૯૪માં જ ચોરીનો ભેદ ઉકેલી નાખ્યો હતો અને કુખ્યાત તસ્કર રમેશ ઉર્ફે મનસુખ ગગજી દેવીપૂજકને ઝડપી લીધો હતો. રમેશ દેવીપૂજકે ચોરી કરેલા ઘરેણાં વર્ધમાનનગરના વેપારી વિઠ્ઠલદાસ છત્રાળાને વેચી દીધા હતા. પોલીસે વિઠ્ઠલદાસની ધરપકડ કરી તેની પાસેથી સોનાનો ઢાળિયો કબજે કર્યો હતો. ૨૧ માર્ચ ૨૦૨૪માં અદાલતે કેસ ફેસલ કર્યો હતો. મૃદુલાબેને મુદ્દામાલ પરત મેળવવા કોર્ટમાં અરજી કરતા ૧૮ મે ૨૦૨૪ના કોર્ટે મુદ્દામાલ સોંપી દેવા હુકમ કર્યો હતો. શિક્ષિકા મૃદુલાબેને પ્ર.નગર પોલીસ સ્ટેશનના અનેક ધક્કા ખાધા હતા, પરંતુ જવાબદાર પોલીસ અધિકારીઓ દ્વારા મુદ્દામાલ સોંપવામાં નહીં આવતા મૃદુલાબેન ૧૮ જુલાઇ ૨૦૨૪ના કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટની અરજી કરી હતી. આ મામલે કોર્ટમાં હાજર થયેલા પ્ર.નગરના પીઆઇ બી.એમ.ઝણકાંતે ૮ ઓગસ્ટ ૨૦૨૪ના કોર્ટ સમક્ષ કહ્યું હતું કે, મુદ્દામાલ મળી આવ્યો નથી અને તે અંગે જાણવા જોગ નોંધ કરવામાં આવી છે. પોલીસ સ્ટેશનમાંથી રૂ.૧૫ લાખની કિંમતનો ૧૭ તોલા સોનાના ઢાળિયો ચોરી થઇ જાય અને છતાં પીઆઇ જાણવા જોગ નોંધ માત્ર કરે તે બાબતે અનેક શંકાઓ ઊભી કરી હતી. આ મામલે શનિવારે પીઆઇ ઝણકાંતે દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં કહ્યું હતું કે, ૩૦ વર્ષમાં પ્ર.નગર પોલીસ સ્ટેશનની બે વખત બિલ્ડિંગ ફરી ચૂકી છે. અનેક મુદ્દામાલ રાઇટર હેડ બદલાઇ ચૂક્યા છે. ચોરાઉ ઢાળિયો કોણે રિસીવ કર્યો હતો, તેમણે કોને સોંપ્યો હતો, તે સહિતના મુદ્દે તપાસ શરૂ કરવામાં આવી છે. ૩૦ વર્ષમાં પ્ર.નગરમાં મુદ્દામાલ રાઇટર હેડ તરીકે ફરજ બજાવી ચૂકેલા તમામની પૂછપરછ બાદ ઢાળિયો મળી જશે તો મૃદુલાબેનને સોંપી દેવામાં આવશે નહીંતર સોનાનો ઢાળિયો ચોરી થયા અંગેનો ગુનો નોંધવામાં આવશે.



# હીરામાં મંદીથી નોકરી ગઈ તો અવળા રસ્તે ચડ્યો

(સામના મિરર, સંવાદદાતા)



સુરતઃછેલ્લા ઘણા સમયથી હીરા ઉદ્યોગમાં મંદીનો માહોલ છે ત્યારે આ આર્થિક મજબૂરી હવે લોકોને ગુનાહિત પ્રવૃત્તિઓ તરફ ધકેલી રહી છે. સુરતના અમરોલી વિસ્તારમાંથી ઉત્રાણ પોલીસે એક ૧૯ વર્ષીય યુવકની ધરપકડ કરી છે. આ યુવકને મંદીના કારણે કારખાનામાંથી છૂટો કરી દેવાયા બાદ વાહન ચોરીના રવાડે ચડી ગયો હતો. હાલ આરોપી પાસેથી પોલીસે ૧૦ બાઇક ચોરીની કબજે કરી છે.

આ અંગે મળતી માહિતી પ્રમાણે ઉત્રાણ પોલીસ મથકની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે, વાહન ચોરીનો આરોપી ચોરીની એક બાઇક લઈને ત્યાંથી પસાર થવાનો છે. જેથી પોલીસે તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન ૧૯ વર્ષીય આરોપી કેયુર સુરેશભાઈ તોગડીયાને અટકાવી પૂછપરછ કરી હતી. આ દરમિયાન તેણે જણાવ્યું હતું કે, આ બાઈક આશરે છ દિવસ પહેલા ઉત્રાણ મોટા વરાછા લજામણી ચોક ગોપીનાથ કોમ્પ્લેક્સની દુકાન સામે જાહેરમાંથી ચોરી કરી છે. આ સિવાય તેણે સુરત શહેરના અમરોલી વિસ્તારમાંથી ૫ બાઇકની ચોરી કરી છે.

ઉત્રાણ વિસ્તારમાંથી બે , વરાછા , સરથાણા અને કતારગામ વિસ્તારમાંથી એક-એક બાઇક ચોરી કરી છે. ૧૯ વર્ષીય કેયુરે ૧૦ બાઇકની ચોરી કરી હતી. જેની કિંમત ૨ લાખ ૩૦ હજાર જેટલી થાય છે. આરોપી કેયુરે ૫ બાઈક વેચાણ માટે આપી હતી, જેમાં તે પૈસા લઈ લીધા બાદ વાહનના ડોક્યુમેન્ટ ન આપતો હતો.

# સુખરામનગરના વેપારી સાથે મોબાઈલ ફોનના સોદામાં ૨૭ લાખની ઠગાઈ, ભક્તિનગર પોલીસે ગુનો નોંધ્યો

### બે શખ્સોએ મોબાઈલ અને એપલના મેકબૂક મળી રૂપિયા ૨૭.૫૫ લાખનો માલ ખરીદી પૈસા નહીં આપ્યાની ભક્તિનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ,તા.૭



ઠગાઈની વધુ એક ઘટના પોલીસ ચોપડે ચડી છે. પુરૂષાર્થ સોસાયટી મેઈન રોડ પર સુખરામનગરમાં રહેતા અને દ્વારકેશ એન્ટરપ્રાઈઝ નામથી મોબાઈલનું હોલસેલમાં ખરીદ અને વેચાણ કરતાં જયકિશનભાઈ જેસીંગભાઈ મેતરા (ઉ.વ.૩૧) સાથે બે શખ્સોએ મોબાઈલ અને એપલના મેકબૂક મળી રૂપિયા ૨૭.૫૫ લાખનો માલ ખરીદી પૈસા નહીં આપ્યાની ભક્તિનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.ફરિયાદી વેપારી યુવાનના પોતાના ઘરે દ્વારકેશ એન્ટરપ્રાઈઝ નામથી મોબાઈલનો હોલસેલમાં ખરીદ વેચાણનો ધંધો કરે છે. દોઢેક વર્ષ પહેલા સોહમ પ્રકાશ ગોંડલીયા સાથે મોબાઈલ ફોનની ખરીદીની ઈન્કવાયરી કરીને મોબાઈલ ખરીદ વેચાણ કરવાની જયકિશનભાઈ સાથે વાતચીત કરી હતી.

આ દરમિયાન મોબાઈલ ખરીદ તેમજ વેચાણને વ્યવહારમાં સોહમના પિતા પ્રકાશ દામજી ગોંડલીયા પણ અવારનવાર જયકિશનભાઈના ઘરે આવીને જુદી-જુદી કંપનીના મોબાઈલ ફોન લઈ જતા હતા. અગાઉના તમામ બિલ સમયસર ચૂકવીને આ પિતા પુત્ર એ જયકિશનભાઈ સાથે ગજબનો વિશ્વાસ સંપાદન કર્યા બાદ માર્ચ ૨૦૨૪થી જુન ૨૦૨૪ દરમિયાન સોહમ અને તેના પિતા પ્રકાશભાઈએ જુદી-જુદી કંપનીના કુલ ૭૦ મોબાઈલ આશરે રૂપિયા ૨૭ લાખ ૫૫ હજારની ખરીદી કર્યા બાદ બિલ માગતા બિલ ચૂકવવા બાબતે બને પિતા પુત્ર ગલ્લા તલ્લા કરવા લાગ્યા હતા. એક તબક્કે પૈસા નથી તેવું જણાવી થાય તે કરી લેવાનું કહ્યું હતું.

જયકિશનભાઈને પોતાની સાથે રૂપિયા ૨૭ લાખ ૫૫ હજારની છેતરપિંડી થયાનું જણાતા બંને પિતા પુત્ર સામે ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પીઆઇ મયુરધ્વજસિંહ એમ સરવૈયાની રાહબરીમાં પીએસઆઈ એમ.એન. વસાવાએ ગુનો દાખલ કરાવી તપાસ શરૂ કરી પિતા પુત્રને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

# લાચાર પિતાને પોલીસમેનના કવેણઃ અહીંયા આટલા સક્રિય થાવ છો તેટલા જ ઘરે સક્રિય રહ્યા હોત તો દીકરી ન ભાગી હોત

## ઉપલાકાંઠેથી ગત ૨૯ સપ્ટેમ્બરે ઘરેથી લાપતા થયેલી યુવાન પુત્રીના પિતાને બી.ડિવિઝન પોલીસનો કડવો અનુભવ

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ,તા.૭

પોલીસ પ્રજાનો મિત્ર, આ સૂત્ર દરેક પોલીસ સ્ટેશને લગાવવામાં આવ્યા છે, પરંતુ વાસ્તવિકતા કંઇક અલગ છે. કેટલાક પોલીસ કર્મચારીઓના વર્તનથી સમગ્ર પોલીસબેડાની આબરૂનું ધોવાણ થાય છે. આવો જ એક કિસ્સો શહેરના બી.ડિવિઝન પોલીસ સ્ટેશનની ભગવતીપરા ચોકીમાં બન્યો છે. જ્યાંના પોલીસ કર્મચારીએ લાપતા પુત્રીની શોધમાં આવતા પિતાને એવા કવેણ કહ્યા કે પિતાની હાલત કફોડી બની હતી. એક અઠવાડિયાથી એ પ્રૌઢ પોતાની પુત્રીની ભાળ મળે તે માટે ધક્કા ખાઇ રહ્યો છે, પરંતુ પોલીસ કર્મચારીઓ જાણે તેની મજાક ઉડાવી રહ્યા છે. શહેરના ઉપલાકાંઠા વિસ્તારમાં રહેતી ૨૧ વર્ષની યુવતી ગત તા.૨૯ના સવારે ૭ વાગ્યે પોતાના ઘરેથી નીકળ્યા બાદ ગુમ થઇ ગઇ હતી. પુત્રી અંગે સગાંસંબંધીઓને ત્યાં પૃચ્છા બાદ કોઇ માહિતી નહીં મળતાં



તેના પિતા બી.ડિવિઝન પોલીસ સ્ટેશને પહોંચ્યા હતા અને પુત્રી ગુમ થયા અંગેની જાણ કરી હતી. બી.ડિવિઝન પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકારીએ તે અંગેની અરજી સ્વીકારી હતી અને ૨૪ કલાકમાં ભગવતીપરા પોલીસ ચોકીએ આ અરજી પહોંચી જશે અને તપાસ ત્યાંથી થશે તેમ કહેવામાં આવ્યું હતું.



ત્યારબાદ તા.૩૦, ૧ અને તા.૨ સુધી યુવતીના પિતા ભગવતીપરા ચોકીએ ધક્કા ખાતા હતા તેમને અરજી મળી નથી તેવા જવાબ ચોકીના પોલીસ કર્મચારીઓ દ્વારા અપાતા હતા.તા.૨ના પ્રૌઢ ચોકીએ પહોંચ્યા ત્યારે સ્ટાફે કહ્યું હતું કે, પીએસઆઇ ચૌધરી પોલીસ સ્ટેશનેથી અરજી લઇને આવી રહ્યા છે. પીએસઆઇ ચૌધરી આવ્યા ત્યારે પ્રૌઢે અરજી અંગે કહેતા તેમણે ચોકીના સ્ટાફને અરજી ક્યાં છે તેમ પૂછતાં જ કમ્પ્યૂટર પર બેઠેલા યોગેશ નામના કોન્સ્ટેબલે પોતાના કબજામાંથી અરજી કાઢી આપી હતી.યોગેશ નામના કોન્સ્ટેબલે આટલા દિવસ અરજી દબાવી રાખ્યાનો ભાંડાફોડ થતાં તે ઉશ્કેરાયો હતો અને પોલીસમેન યોગેશે યુવતીના પિતાને કહ્યું હતું કે, અહીંયા આટલા સક્રિય થાવ છો, તેટલા જો ઘરે સક્રિય રહ્યા હોત તો દીકરી ન ભાગી હોત. પોલીસમેન યોગેશના કવેણ સાંભળી પ્રૌઢની હાલત કફોડી બની હતી. ૨૧ વર્ષની યુવતી અઠવાડિયાથી લાપતા બની છે. પુત્રીનું શું થયું હશે?, સમાજમાં શું ચર્ચા થશે?, આવી અનેક વેદના ભોગવી રહેલા તેના પરિવારજનોને કાનૂની મદદ કરવાને બદલે કોન્સ્ટેબલ યોગેશે કરેલા વર્તનથી આ પરિવાર સ્તબ્ધ થઇ ગયો હતો.પુત્રીની ભાળ મેળવવા પોલીસ ચોકીના ધક્કા ખાતા પિતાને ભગવતીપરા ચોકીના કોન્સ્ટેબલ યોગેશે સાંત્વના તો આપી નહોતી પરંતુ યુવતીના પિતા પર ત્રાડૂક્યો હતો અને કવેણ કહ્યા હતા. એટલું જ નહીં કોન્સ્ટેબલે તો એમ પણ કહ્યું હતું કે, ધારાસભ્ય કે કોઇપણ આગેવાનને કહો તો પણ એનાથી ડરતા નથી, ત્યારે આ પોલીસમેનની શાન કોણ ઠેકાણે લાવશે.

# કાલાવડ પંથકમાં ચોરીઓને અંજામ આપનાર શ્રમિક ઝબ્બે, સવા ડઝન ગુનાના ભેદ ખૂલ્યા

(સામના મિરર, સંવાદદાતા)

જામનગરઃકાલાવડ તાલુકામાં છેલ્લા ત્રણેક માસથી જુદા જુદા સ્થળે ચોરી કે ચોરીના પ્રયાસને અંજામ આપનાર શખસને સ્થાનિક ગુના શોધક શાખાએ દબોચી લીધો છે.જેની પોલીસ પુછપરછમાં લગભગ સવા ડઝન જેટલા બનાવમાં સંડોવણી પણ ખુલવા પામી છે.જ્યારે વધુ ત્રણ સાથીદારના નામ ખુલતા પોલીસે તેની શોધખોળ સાથે વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસસુત્રોમાંથી મળતી વિગત અનુસાર જામનગર સ્થાનિક ગુના શોધક શાખાના પીઆઇ વી.એમ. લગારીયાના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ પી.એન. મોરી તથા એ.કે. પટેલના નેતૃત્વમાં ટીમ ટેકનીકલ તથા હ્યુમન સોર્સિસનો ઉપયોગ કરી ચોરીના અણઉકેલ ગુનાના



ભેદ ઉકેલવા તપાસ શરૂ કરી હતી.જે દરમિયાન સ્ટાફના દિલીપભાઇ તલાવડીયા, હિતેન્દ્રસિંહ જાડેજા, કાસમભાઇ બ્લોચ, મયુરસિંહ પરમાર, રૂષિરાજસિંહ વાળા સહિતની ટીમને કાલાવડ પંથકની ચોરીમાં સંડોવાયેલા શખસ વિશે બાતમી મળી હતી. જે બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી કાલાવડમાં ધોરાજી રોડ પરના મુકતેશ્વર મહાદેવ મંદિર પાસેથી અનિલ મેઘજીભાઇ બામણીયા (રે. મુળ ગાગરડી, ગરબાડા, દાહોદ, હાલ રીનારી,તા.કાલાવડ) નામના શખસને સંકજામાં લીધા હતો.પોલીસે તેના કબજામાંથી રૂા. ૬,૭૭૫ની રોકડ, એક બાઇક, છ મોબાઇલ ફોન અને વિદેશી ચલણ સહિતનો મુદામાલ શક પડતી મિલકત તરીકે કબજે કર્યો હતો. પકડાયેલા શખસે પોલીસ પુછપરછમાં વધુ ત્રણ સાથીદાર વિક્રમ ભાભોર, શૈલેષ ભાભોર અને કલ્પેશ આદીવાસીના નામ આપતા તેની શોધખોળ હાથ ધરરાઇ છે. પ્રાથમિક પોલીસ પુછપુરછમાં ઉકત આરોપીએ અન્ય સાથીદારની મદદથી રીનારી, ટોડા, સણોસરી, કાલાવડ, મુરીલા સીમ સહિત લગભગ પંદરેક ચોરીના બનાવમાં સંડોવાયાની કેફિયત આપી હતી.પોલીસે પકડાયેલા શખસની ઘનિષ્ઠ પુછપરછ સાથે સાથીદારોની શોધખોળ હાથ ધરી તપાસનો દૌર આગળ ધપાવ્યો છે.

# પરિવારનો સામુહિક આપઘાત, માતા-પુત્રીનું મોત, પુત્ર ગંભીર

(સામના મિરર, સંવાદદાતા)

જૂનાગઢ, કેશોદ તાલુકાના ચર ગામમાં ગતરાત્રીના એક પરિવારના ત્રણ સભ્યોએ ઝેરી દવા પી લીધી હતી. જેમાં માતા-પુત્રીનું મોત થયું હતું. જ્યારે પુત્રને ગંભીર હાલતમાં સારવારમાં દાખલ કરવામાં આવ્યો હતો. સાતેક માસ પહેલા આ પરિવારના એક યુવાન પુત્રએ આપઘાત કરી લીધો ત્યારથી ગમગીન રહેતા માતા, પુત્ર અને પુત્રીએ આ પગલું ભર્યાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે.

આ અંગેની પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ કેશોદ તાલુકાના ચર ગામમાં રહેતા અને મજૂરી કામ કરી ગુજરાન ચલાવતા બાબુભાઇ રાઠોડના પુત્ર દિવ્યેશ (ઉ.વ. ૨૨)એ સાતેક માસ પહેલા આપઘાત કરી લીધો હતો. ત્યારથી પરિવારજનો ગમગીન રહેતા હતા. દિવ્યેશની બહેન રવિનાબેન માનસિક તનાવમાં રહેતી હતી. ગઇકાલે રાત્રીના બાબુભાઇ ઊંઘતા હતા ત્યારે તેમના પત્ની મીનાબેન બાબુભાઇ રાઠોડ(ઉ.વ. ૪૨), પુત્રી રવિનાબેન બાબુભાઇ રાઠોડ(ઉ.વ. ૨૪) અને પુત્ર સંજય બાબુભાઇ રાઠોડ(ઉ.વ. ૨૩)એ ઝેરી દવા પી લીધી હતી. માતા અને પુત્ર, પુત્રીએ દવા પી લીધા બાદ બૂમાબૂમ થતા બાબુભાઇ જાગ્યા હતા અને ત્રણેયને કેશોદ સારવારમાં ખસેડયા હતા પરંતુ મીનાબેનનું કેશોદ સારવાર મળે એ પૂર્વે જ મોત થયું હતું. જ્યારે રવિનાબેનને કેશોદ પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે જૂનાગઢ સિવીલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

## ગુંદલાવ શિવ શક્તિ રેસીડેન્સીમાં જિલ્લા પોલીસ વડા શ્રી ડો કરણરાજ વાઘેલાએ માતાજીના દર્શનાર્થે



અહેવાલઃ (સામના મિરર, સંવાદદાતા) કાર્તિક બાવીશી

વલસાડ : ગુંદલાવ શિવ શક્તિ રેસીડેન્સીમાં નોરતાનું સુંદર આયોજન થાય છે ભાવિક ભક્તો નવરાત્રીમાં માતાની ભક્તિમાં લીન હોઈ છે જિલ્લા પોલીસ વડા શ્રી ડો કરણરાજ વાઘેલા સતત વ્યસ્ત હોવા છતા પણ શિવ શક્તિ રેસીડેન્સીમાં પધાર્યા હતા અને શિવ શક્તિ રેસીડેન્સીમાં ગરબાનું આયોજન નિહાળ્યું હતું અને માતાજીના દર્શન કર્યા હતા તસ્વીરમાં જિલ્લા પોલીસ વડા શ્રી ડો કરણરાજ વાઘેલા તેમજ વલસાડ રૂરલ પીઆઈ શ્રી બી.ડી જીતીયા દેખાઈ છે જિલ્લા પોલીસ વડા શ્રી ડો કરણરાજ વાઘેલાનો આભાર વ્યક્ત પત્રકાર કાર્તિક બાવીશીએ કર્યો હતો. જિલ્લા પોલીસ વડા શ્રી ડો કરણરાજ વાઘેલાનો આભાર વ્યક્ત પત્રકાર કાર્તિક બાવીશીએ કર્યો હતો.

## સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ જ્ઞાતિ માટે રાસ ગરબાનું આયોજન

રાજકોટ, તા. ૬ઃ સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ વિધા પ્રસારક મંડળના નેજા હેઠળ શ્રાવણી પર્વ ઉત્સવ સમિતિ, યુવા સંગઠન અને મહિલા પરિષદ્ દ્વારા આયોજીત આગામી તારીખઃ- ૦૯/૧૦/૨૪ (સાતમું નોરતું)ને બુધવાર રોજ સાંજના ૭ થી ૯ દરમ્યાન જ્ઞાતિની નવી બોર્ડીંગ ('બાજ * નારણજી ભવન', 'હરિ કિર્તી હોલ') ખાતે જ્ઞાતિના યુવક-યુવતીઓ માટે રાસ ગરબાનું આયોજન કરવામાં આવેલ છે. તમામ જ્ઞાતિબંધુઓએ ટ્રેડીશનલ ડ્રેસમાં હાજર રહેવાનું ફરજીયાત છે. તેમજ અલ્પાહારના યજમાનશ્રી સ્વ. કવિ શ્રી અલ્પેશભાઈ પાઠક ''પાગલ'' ના સ્મરણાર્થે, મામા શ્રી જયોતિભાઈ શિવશંકર ખંભોળીયા પરીવાર તરફથી રાખેલ છે. તો સર્વે જ્ઞાતિબંધુઓએ, યુવાન મિત્રોએ દાંડીયા રાસ રમવા અનુરોધ કરવામાં આવે છે.

## કોળી સમાજ માટે તા. ૧૬ના રોજ રાસોત્સવ

રાજકોટ, તા. ૭ઃ તા. ૧૬ને બુધવારે રાજકોટ ખાતે સમસ્ત કોળી સમાજના ખેલૈયાઓ માટે એક દિવસીય રાસોત્સવમાં રોકડ ઈનામ, ટ્રોફી તેમજ અનેક સરપ્રાઈઝ ગીફ્ટ રાખેલ છે. આ રાસોત્સવમાં ફિલ્મી કલાકારો, ટીકટોક સ્ટાર, યુ-ટ્યુબર્સ તેમજ ગાયક કલાકારો આયોજનમાં ભાગ લેશે. કોળી ઠાકોર સેના દ્વારા આયોજીત તા. ૧૬/૧૦/૨૦૨૪ બુધવારના રોજ સાંજે ૭.૦૦ કલાકે સમયસર કાર્યક્રમ ચાલુ કરવામાં આવશે. ખેલૈયાઓએ ગ્રાઉન્ડમાં વહેલાસર પ્રવેશ મેળવીલેવાનો રહેશે. ચુંવાળીયા, તળપદા, ઘેડીયા સમસ્ત કોળી જ્ઞાતિના સમુહ રાસોત્સવનું સનાતન નવરાત્રી મહોત્સવ ગ્રાઉન્ડ, શિતલપાર્ક, આર.કે. વર્લ્ડ ટાવર પાસે, ૧૫૦ ફુટ રીંગરોડ, રાજકોટ ખાતે જાજરમાન આયોજન કરવામાં આવ્યુ છે.

# જૈન વિઝન- વિશ્વ વણિક સામાજિક સંગઠન વણિક સમાજના આયોજનને ખેલૈયાઓ અને મહાનુભાવોએ વખાણ્યુ

- નવનાત સાથે જોડાયેલા ત્રણ લાખ વધુ લોકો આ નવરાત્રી મહોત્સવના સહભાગી બન્યા

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ, તા. ૭ઃ જૈન વિઝન અને વિશ્વ વણિક સામાજિક સંગઠન દ્વારા આયોજિત સોનમ નવનાત વણિક ગરબામાં રોજે રોજ જમાવટ થઈ રહી છે અને ખેલૈયાઓએ જોશ અને ઉમંગ દેખાડી રહ્યા છે. ઢોલની પહેલી દાંડી પીટાય તે પૂર્વે માર્ગ જગદંબાની આરતી માં મહાનુભાવો જોડાય છે. પહેલા બે નોરતામાં જ કલ્પનાતીત હાજરી જોવા મળી હતી અને યુવા ધન ઝૂમી ઉઠ્યુ હતું.

સુંદર વ્યવસ્થા અને નયનરમ્ય લાઈટિંગને કારણે ૧૫૦ ફૂટ રોડ ઉપર અયોધ્યા ચોકડી પાસે નયનરમ્ય મેદાનમાં રાત્રે સોનાનો સુરજ ઉગ્યો હોય તેવો માહોલ સર્જાયો હતો.

ગુરુવારે પહેલા નોરતે વિશ્વ વણિક સામાજિક સંગઠનના પ્રોજેક્ટ ચેરમેન ચંદ્રકાન્તભાઈ શેઠ, જૈન અગ્રણી સુનિલભાઈ શાહ, અજીતભાઈ જૈન,










સુનિલભાઈ કોઠારી, ગીરીશભાઈ મહેતા, અને પ્રમોદભાઈ કોઠારીના હસ્તે આ રાસોત્સવ ખુલ્લો મુકાયો હતો.

આ નવરાત્રી મહોત્સવને માણવા માટે રેડીયો રાજકોટ ૮૯.૬ એફ એમ ટીમ વતી સ્ટેશન ડીરેક્ટર સંજય મહેતા, આર જે ચાંદની, આર જે દેવયાની દશા સોરઠીયા વણિક બોર્ડીંગના અતુલભાઈ કોઠારી અને ભુપતભાઈ ભુપતાણી, જેમના ગ્રાઉન્ડ માં દાંડિયા રાસ યોજાઈ રહયા છે તેવા ભાટિયા ક્રિયેશનના દર્શિલ સંપટ, યશભાઈ સંપટ, પે ટચના કિશનભાઈ ગજેરા, કે પી હરણ, જયેશભાઈ શાહ( સોનમ ક્વાટઝ), જયભાઈ ખારા (જૈન અગ્રણી) મનોજ અનડકટ (આદેશ ટ્રાવેલ્સ), પંકજ ગુણુભાઈ ડેલાવાળા,રાકેશ ડેલીવાળા સહિતના અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા અને સમગ્ર આયોજનને વખાણ્યું હતું. આ વખતે ખેલૈયાઓને જોશ ભેર ગરબા રમાડવા માટે બોલીવુડ સિંગર અશ્વિની મહેતા, ગરબા કિંગ ઓફ ગુજરાત અતા ખાન અને ફોક સિંગર તુષાર ત્રિવેદી , મ્યુઝીક એરેન્જર રાજુ ત્રિવેદી, રીધમ કિંગ મહેશ ઢકિયા, એન્કર કમ સિંગર ગાર્ગી નિમ્બાર્ક, ગીટારીસ્ટ હિતેશ મહેતા અને ફોક સિંગર તુષાર ત્રિવેદી વગેરે સજ્જ થયેલા છે. આર્ટીસ્ટનું મેનેજમેન્ટ જીલ એન્ટરપ્રાઈઝનાં તેજસ શીશાંગીયા કરી રહ્યા છે.

# ધારી વન વિભાગ દ્વારા વન્ય પ્રાણી સપ્તાહ નિમિત્તે આંબરડી સફારી પાર્ક ખાતે ચિત્ર પ્રદર્શન



(સામના મિરર, સંવાદદાતા)

ધારી, તા. ૪ઃ ધારી વન વિભાગના આંબરડી સફારી પાર્ક ખાતે વન વિભાગ દ્વારા વન્ય પ્રાણી ચિત્ર પ્રદર્શન યોજવામાં આવેલું હતું ચિત્રકાર સુરેશભાઈ નાકરાણી દ્વારા ઓઈલ પેન્ટ થી બનાવેલા વન્ય પ્રાણીઓના ચિત્રો જોઈને લોકો આશ્ચર્યમાં મુકાઈ ગયા હતા. ત્યારે વન વિભાગ દ્વારા ધારી શહેરની કોલેજો તેમજ સ્કૂલો અને વિદ્યાર્થીઓને આમંત્રણ આપીને ચિત્ર પ્રદર્શન ની મુલાકાત લેવા માટે કહેવામાં આવ્યું હતું. આ ચિત્ર પ્રદર્શનમાં અંદાજે ૧,૦૦૦ કરતાં પણ વધારે વિદ્યાર્થીઓ પ્રોફેસરો ટીચર તેમજ વિવિધ સંસ્થાઓના વડાઓ દ્વારા આ ચિત્ર પ્રદર્શન નિહાળવામાં આવ્યું હતું.

# કાલાવડ તાલુકાના પત્રકાર શ્રી રાજુભાઈ રામોલિયા દ્વારા જગત મંદિર દ્વારકાધીશના શિખરે ધ્વજા ચઢાવી જન્મદિવસની ભવ્ય ઉજવણી કરી

(સામના મિરર, સંવાદદાતા)

કાલાવડ, તા. ૭: કાલાવડ તાલુકાના નિકાવા ગામના વતની અને યુવા પત્રકારશ્રી રાજુભાઈ રામોલિયાના જન્મદિવસ નિમિત્તે દ્વારકા નગરીમાં દ્વારકાધીશના ચરણોમાં શીશ ઝુકાવી દ્વારકાધીશની ધ્વજા રોહણનો કાર્યક્રમ ભવ્ય રીતે ઉજવ્યો હતો. આ ધ્વજારોહન કાર્યક્રમમાં અનેક રાજકીય તેમજ સામાજિક અગ્રણીઓ, સંતો મહંતો, પત્રકારશ્રીઓ, સગા સંબંધીઓ તેમજ બહોળી સંખ્યામાં યુવાનો અને વડીલો ભાઈઓ બહેનો સાથે ઉપસ્થિત રહ્યા હતા. ધ્વજારોહણના આગલા દિવસે સાંજે ધ્વજા પૂજન તેમજ રાસોત્સવ મા આમંત્રિત મહેમાનો અને મિત્રમંડળ મન મૂકી રાસ રમ્યા હતા.

અને રાત્રિના ૧૨:૦૦ વાગ્યે જન્મદિવસની ઉજવણી દ્વારકાધીશના નાદ



સાથે કેક કાપી મિત્રો સાથે જન્મ દીનની ભવ્ય ઉજવણી કરી હતી.જન્મ દિનની ઉજવણીમા રાજકીય અને સામાજીક ક્ષેત્રે રાજુભાઈ રામોલિયાના યોગદાનની પ્રશંસા કરી તેમના દીર્ઘાયુ અને તંદુરસ્તી માટે શુભકામનાઓ પાઠવી હતી.વધુમાં તાલુકાના લોકોનું કહેવું છે કે રાજુભાઈ રામોલિયા એ દિવસ અને રાત ફિલ્ડમા રહી કાલાવડ તાલુકાના પ્રશ્નોને વાચા આપવાના સતત પ્રયત્નો કર્યા છે. જેની સૌ કોઇ એ નોંધ લઈ બિરદાવ્યા હતા. સવારે શોભાયાત્રામા ધ્વજાજી સાથે દ્વારકા નગરીની શેરીઓમાં ડી.જે.ના તાલ સાથે સૌ કોઈ જૂમી ઉઠ્યા હતા. અને દ્વારકાધીશના ચરણોમાં શીશ ઝુકાવી જગત મંદિરના શિખરે ધ્વજા લહેરાવવામાં આવી હતી. અને ભગવાન દ્વારકાધીશના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.આ કાર્યક્રમમાં રામોલિયા પરિવારના તમામ પરિવારજનો, સંતો મહંતો, રાજકીય મહાનુભાવો, પત્રકારશ્રીઓ, સામાજિક અગ્રણીઓ, મિત્રમંડળ, સગાવ્હાલાઓ તેમજ નિકાવાથી અને બહાર ગામોમાથી બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા અને બપોરે મહાપ્રસાદનું ભવ્ય આયોજન કર્યું હતું.

# રવિવારથી ગુરૂવાર સુધી આકાશમાં અવકાશમાં ડ્રકોનીકસ ઉલ્કા વર્ષાનો નજારો જોવા મળશે

**પ્રારંભે કલાકની ૧૦, ત્યાર બાદ કલાકના ૫૦ થી ૧૦૦ વચ્ચે ઉલ્કા ખરતી જોવા મળશે**

(સામના મિરર, સંવાદદાતા)

અમદાવાદ, તા. ૭: દુનિયાભરમાં રવિવારથી ચાર દિવસ ઉપરાંત તા. ૨૨ મી ઓકટોબર સુધી આકાશમાં ડ્રેકોનીકસ ઉલ્કા વર્ષાનો અદભૂત નજારો જોવા મળશે. સ્વચ્છ આકાશમાં પ્રારંભે કલાકની ૧૦, ત્યાર બાદ કલાકના ૫૦ થી ૧૦૦ વધુ ઉલ્કા પડતી જોવા મળશે. ઉલ્કા વર્ષાનો નજારો નિહાળવા રાજયના લોકોને ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરીએ અપીલ કરી છે.

જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે તા. ૭ અને તા. ૮ વહેલી પરોઢે આકાશમાં ડ્રકોનીક્સ ઉલ્કા વર્ષા પડતી જોવા મળશે. કલાક દીઠ દર મધ્ય-ઉત્તરી અક્ષાશો (૪૫ગ) પરથી જોવામાં આવતા ૪ ની નજીક અને ઉષ્ણકટિબંધીય દક્ષિણી સ્થાનો (૨૫જ) પરથી જોવા મળતા ૩ ની નજીક અને કલાક દીઠ દરો ૧૧ ની નજીક મધ્ય-ઉત્તરી અક્ષાંશ (૪૫ગ) અને ૯ ઉષ્ણકટિબંધીય દક્ષિણી સ્થાનો (૨૫જ) પરથી દેખાય છે. ખગોળી ઘટના નિહાળવામાં ધીરજ રાખવી જરૂરી છે. ડ્રેકોનિડ શાવર જેને ગિયાકોબિનિડસ પણ કહેવાય છે. અંધકાર પડતાં જ તેનો તેજસ્વી બિંદુ આકાશમાં સૌથી ઊંચો રહે છે. વધુમાં પંડયા જણાવે છે કે ડ્રકોનીકસ ઉલ્કા વર્ષાની મહત્તમ સોમવાર અને મંગળવાર મધ્ય રાત્રિ બાદ અને વહેલી પરોઢે આકાશમાં જોવા મળશે નરી આંખે નિર્જન જગ્યાએથી સ્પષ્ટ જોઈ શકાય છે. ઉલ્કા વર્ષા વર્ષ દરમ્યાન ૧૦ થી ૧૨ વખત અને વધુમાં વધુ ૫ વખત આકાશમાં જોવા મળે છે. આ ઉલ્કા વર્ષાઓ પાછળ ધૂમકેતુઓ કારણભૂત છે. સૌરમંડળમાં એવા પણ ધૂમકેતુઓ છે કે જે પોતાના સૂર્ય ફરતેના ભ્રમણ દરમ્યાન પૃથ્વીની ભ્રમણકક્ષાને કાપે છે. આ ધૂમકેતુઓનું સતત વિસર્જન થતું રહેતું હોય છે અને તેમાંથી વિસર્જીત થયેલ પદાર્થ ધૂમકેતુની દિશા જાળવી રાખે છે. આ રીતે જોઈએ તો દરેક ધૂમકેતુ પાછળ વિસર્જીત પદાર્થોનો શેરડો છોડતો જાય છે. જયારે પૃથ્વી પર આ વિસર્જીત પદાર્થોની વચ્ચેથી પસાર થાય છે ત્યારે સાપેક્ષ વેગના કારણે આ ટુકડાઓ પ્રચંડ વેગે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે. આવા સમયે તેમનો મહત્તમ વેગ સેકન્ડના ૩૦ કિલોમીટર જેટલાનો અનુમાન રખાય છે. વાતાવરણમાં રહેલ વાયુઓ સાથે ઘર્ષણના કારણે આ ટુકડાઓ સળગી ઉઠે છે અને તેજ લીસોટા, અગ્નિ સ્વરૂપે આકાશમાં જોવા મળે છે. તેને પ્રકારમાં ફાયરબોલ, અગનગોળા કે ઉલ્કા વર્ષા કહેવાય છે. ઈન્ટરનેશનલ મેટીયોર ઓર્ગેનાઈઝેશન ઉલ્કા પડવાની નોંધ રાખે છે.



જાથાના જયંત પંડયા વધુમાં જણાવે છે કે ઉલ્કા વર્ષા નિહાળવા મધ્ય રાત્રિ બાદ અને વહેલી પરોઢનો સમય શ્રેષ્ઠ છે. મોટેભાગે વહેલી પરોઢે મહત્તમ ઉલ્કા વરસાદ જોવા મળે છે. વિદેશમાં લોકો દરિયાઈ કિનારે તથા પર્વતીય-ખડકાળ, નિર્જન જગ્યાને પસંદ કરી બે કે ત્રણ દિવસનો પડાવ નાખે છે. ચારેય દિશામાં ખગોળરસિકોને ગોઠવી ઉલ્કાના આંકડાની નોંધ રાખવામાં આવે છે. સેકન્ડની ગણતરીમાં દિવાળીની આતશબાજી, રંગબેરંગી ફટાકડાના દ્રશ્યો અવકાશમાં જોવા મળે છે. ઘણા લોકો ગુણવત્તાના દૂરબીનની વ્યવસ્થા કરી નજારો જોવે છે. જાથાએ ફાયરબોલ ફોટોગ્રાફી, ઈન્ટરનેટ મિત્રોનો સહયોગ મેળવી ડિઝીટલ વિડીયોગ્રાફી કેમેરામાં કેદ કરવા આયોજન ગોઠવ્યું છે.

# ગીર સોમનાથના 300થી વધુ રાશન ડીલરો પડતર માંગણીઓ ન ઉકેલાતા અસહકાર આંદોલનના માર્ગે

■ જીલ્લાના એસો.એ કલેકટરને અને છએય તાલુકા મથકોએ મામલતદારને આવેદનપત્રો અપાયા

(સામના મિરર, સંવાદદાતા)

વેરાવળ, તા. ૭ઃ ગીર સોમનાથ જીલ્લાના સસ્તા અનાજ કીરાણાના સંચાલકો દ્વારા જીલ્લા કલેકટર અને છએય તાલુકા મથકોએ આવેદનપત્ર આપીને રાશન ડીલરોના કમિશનમાં વધારો કરવા, રૂ.૨૦ હજાર મિનીમમ કમિશનના પરીપત્રમાં જરૂરી સુધારો કરવા અને રાશનના માલ લની ઘટ મજરે આપવા સહિતના પ્રશ્નોનો સકારાત્મક ઉકેલ નહીં આવે ત્યાં સુધી ચિંધ્યા માર્ગેની ચળવળ મુજબ અસહકારનું આંદોલન કરીએ છીએ. જેમાં જીલ્લાના તમામ રાશન ડિલરો સામૂહિક રીતે ઓક્ટોબર માસનો જથ્થો ઉપાડ, ચલન પેઈડ કે વિતરણ કામગીરીમાં અસહકારનું વલણ અપનાવીશું તેવી જાહેરાત કરી છે.


અહેવાલ : રવિ ખખ્ખર, ગીર સોમનાથ

ગીર સોમનાથ જીલ્લા પંડિત દિન દયાળ ગ્રાહક ભંડાર એસો.ના પ્રમુખ મુકેશભાઈ રૂપારેલીયા, ઉપપ્રમુખ ડાયાભાઈ જાલોન્ધ્રા, રાજુભાઈ બારડ, વીનુભાઈ ઉનડકટ, સુભાષભાઈ વૈયાટા, રાકેશ દત્તા, લોકેશભાઈ, કાળુભાઈ, ગોસ્વામીભાઈ, માનસિંગભાઈ સહિતના હોદેદારો અને ડીલરોએ પાઠવેલ આવેદનપત્રમાં જણાવ્યા મુજબ રાશન ડીલરોના પડતર પ્રશ્નોને લઈ વારંવાર સરકાર સમક્ષ રજૂઆતો કરી હોવા છતાં કોઈ ઉકેલ લાવવાના બદલે ઉપેક્ષા થઈ રહી છે. જેથી રાજ્યના એસો. દ્વારા નિર્ધારિત કરાયેલ ગાંધી ચિંધ્યા માર્ગેની અસહકારની ચળવળને સંપૂર્ણ સમર્થન કરીને ગીર સોમનાથના ૩૦૦ થી વધુ રાશન ડીલરો ઓક્ટોબર માસનો જથ્થો ન ઉપાડી અસહકારનું વલણ અપનાવવાની જાહેરાત કરી છે.

# શ્રી બ્રહ્મસેનાનો શ્રી શક્તિ નવરાત્રિ મહોત્સવ ભક્તિ અને સમાજસેવાનું અદ્ભુત સંગમ



(સામના મિરર, સંવાદદાતા)


સાવરકુંડલા, તા. ૭ઃ સાવરકુંડલા બ્રહ્મસમાજમાં બ્રહ્મ સેના દ્વારા આયોજિત શ્રી શકિતનવરાત્રિ મહોત્સવમાં ભકિતના ધામધૂમ સાથે સાંસ્કૃતિક રંગો છવાઈ ગયા છે. છેલ્લા ૧૩ વર્ષથી સતત આયોજિત આ મહોત્સવમાં આ વર્ષે પણ બ્રહ્મબંધુઓ મોટી સંખ્યામાં ઉમટી રહ્યા છે.

નવરાત્રિના પ્રથમ દિવસે આ મહોત્સવ મુખ્ય દાતા શ્રી દુષ્યંતભાઈ મનોજભાઈ ત્રિવેદી (એડવોકેટ) પરિવાર સાથે માતાજીની આરતી-પૂજા કરીને મહોત્સવનો શુભારંભ કરાવ્યો હતો. દરરોજ સાંજે ભૂદેવ દ્વારા વિશેષ પૂજા અને આરતી સાથે માતાજીના રાસ ગરબાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ ઉત્સવ માત્ર ધાર્મિક જ નહીં, પરંતુ સમાજલક્ષી કાર્યો માટે પણ પ્રેરણાદાયી બની રહ્યો છે. બ્રહ્મ સેના દ્વારા વર્ષ દરમિયાન અનેક સમાજલક્ષી કાર્યો હાથ ધરવામાં આવે છે. આ કાર્યને સફળ બનાવવામાં યુવાનો અને વડીલો બંને સમાન રીતે જોડાઈ રહ્યા છે. બ્રહ્મ સેના સાવરકુંડલાના પ્રમુખશ્રી કિરીટભાઈ મહેતા, માર્ગદર્શક ચિરાગભાઈ આચાર્ય અને પ્રોજેક્ટ કન્વીનર વિશ્વાસ ભાઈ દવે તથા ઉપપ્રમુખશ્રી પુનીતભાઈ જોષી, મંત્રીશ્રી મનીષભાઈ દવે તથા સમગ્ર ટીમને આ ઉત્સવને સફળ બનાવવા માટેની જહેમત બદલ અભિનંદન. નો વડીલો દ્વારા વરસાદ થઈ રહી છે.

## કપરાડાના તાલુકાના સુથારપાડા ખાતે સેવા સેતુ કાર્યક્રમમાં ૫૩૬૮ અરજીઓનો હકારાત્મક નિકાલ

(સામના મિરર, સંવાદદાતા)

વલસાડ : સેવા સેતુ કાર્યક્રમ અંતર્ગત તા. ૦૪ ઓક્ટોબરના રોજ કપરાડા ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં સુથારપાડા ખાતે યોજાયેલા ગ્રામ્ય વિસ્તારના કાર્યક્રમમાં વિવિધ સરકારી સેવાઓનો અનેક લોકોએ લાભ મેળવ્યો હતો. આ કાર્યક્રમમાં કુલ અરજદારો વિવિધ સેવાઓ માટે જુદા જુદા વિભાગોના સ્ટોલ મુકવામાં આવ્યા હતા અને ત્યાં અધિકારીઓ/ કર્મચારીઓએ ઉપસ્થિત રહી સેવા પુરી પાડી હતી. કાર્યક્રમમાં ૫૩૬૮ જેટલી વિવિધ રજૂઆતો મળી હતી જે તમામ રજૂઆતોનો સ્થળ પર જ હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો. સેવા સેતુ કાર્યક્રમમાં ૭/૧૨ અને ૮-અના ૩૩૧૬, રસીકરણના ૭૯૮, જાતિ પ્રમાણપત્ર ૩૨૨, રાશન કાર્ડ નામ દાખલ-કમી કરવાની ૨૫૫, રાશનકાર્ડ અપડેશન ૩૬, ડિવર્મીંગ ૧૭૭, હેલ્થ વેલનેસ કાર્ડની ૧૮૪, મેડીસીન સારવાર ૧૦૭, જન્મ મરણ દાખલાના પ્રમાણપત્રની ૨૫, પશુ સારવાર ૧૯, તેમજ આધાર કાર્ડ નોંધણીની, આવકના દાખલાની, રાશનકાર્ડ ચ-ઊંઢઈ, ભીમ એપ, કેશલેસ લિટરેસી, પીએમ કિસાન પોર્ટલ પર રજીસ્ટ્રેશન, નવા ઘરેલું વીજ જોડાણ, પીએમ સ્વનિધિ, પી.એમ.જે.મા (અરજી)ની, બસ પાસ, આધાર નોંધણી આ તમામ રજૂઆતોનો સ્થળ ઉપર જ હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો.



નો ફેવર, નો ફિઅર...
સામના મિરર
Dt.07/10/2024 MONDAY


# મોરબીના લખધીરવાસ ચોકમાં તા.૯થી શ્રી બેંગલ દુર્ગાપુજા ગ્રુપ કમીટી દ્વારા દુર્ગાપુજા મહોત્સવનું ભવ્ય આયોજન

### ■ રાહુલ ત્રિપાઠી એસ.પી. સાહેબ, દ્વારા દુર્ગાપુજા પંડાલનું ભવ્ય ઉદ્ઘાટન કરવામાં આવશે

(સામના મિરર, સંવાદદાતા)

મોરબી, તા. ૭: મોરબીમાં લખધીરવાસ ચોક માં, નવરાત્રીના છઠા દિવસથી તા.૯ ઓકટોમ્બર થી તા.૧૩ ઓકટોમ્બર વિજયા દશમી સુધી શ્રી બેંગલ દુર્ગાપુજા ગ્રુપના કમીટી મેમ્બર્સ દ્વારા છેલ્લા આઠ વરસની જેમ આ વર્ષે પણ દુર્ગાપુજા મહાઉત્સવનું શાનદાર અને ભવ્ય આયોજન કરવામાં આવે છે. જેના મુખ્ય કમીટી મેમ્બર્સ શિવપ્રસાદ મૈતી,શ્રીરામ મોન્ડાલ, મોહિતભાઈ રાવલ, શુભાશીષ



મોન્ડાલ, નિગમાનંદ શાહું, તુષાર પ્રમાણીક, ચંચલ બેરા, સુજીત ઘોષ,બબલુ જોહર, તુષાર ભુનીયા,પ્રદિપ કુંડુ, સંદિપ મોન્ડાલ, દ્વારા દુર્ગાપુજા પંડાલનું જાજરમાન આયોજન કરવામાં આવશે. તા.૦૮/૧૦/૨૦૨૪ મંગળવાર ના રોજ માન.શ્રી રાહુલ ત્રિપાઠી એસ.પી. સાહેબ ના શુભ હસ્તે રાત્રે ૮-૦૦ થી ૯-૦૦ વાગ્યા દરમ્યાન દુર્ગાપુજા પંડાલનું ઉદઘાટન રીબીન કટ કરી અને તૈયારબાદ દિપમાલા પ્રજવલીત કરીને પુજાનો ભવ્ય શુભ આરંભ કરવામાં આવશે.

દુર્ગાપુજા કોઈ પ્રદેશ કે પ્રાંતનો નહીં પરંતુ તમામ જન જાતિ સમુદાયને સાથે ચાલીને ઉજાવવામાં આવે છે દુર્ગાપુજા ઉત્સવને યુનેસ્કો દ્વારા વર્લ્ડ હેરીટેજ ફેસ્ટીવલમાં સ્થાન આપવામાં આવ્યું છે. દુર્ગાપુજા દેશ માં જ નહી પરંતુ વિદેશમાં પણ ધામ ધુમથી ઉજવવામાં આવે છે

ભારતની મહાન સંસ્કૃતી અને બંગાલની પરમપરાનું સમન્વય એટલે દુર્ગાપુજા આ પંડાલમાં બુધ્ધીના દેવતા ગણેશજી,બલના દેવતા કાર્તિકેય સ્વામી, જ્ઞાનના દેવી સરસ્વતી, ધન અને એશ્વર્યાના દેવી લક્ષ્મી, અને મહીસાસુરમર્દિની માં દુર્ગાનું પુજાન, અર્ચન, આરતી અને સ્તુતિ કરવામાં આવે છે. તો આ દુર્ગા પુજા મહા ઉત્સવનો અમુલ્ય લાભ લેવા માટે મોરબીની જનતાને હદય પૂર્વક નિમંત્રણ આપવામાં આવે છે.

# સાવરકુંડલામાં નવરાત્રીની ભવ્ય ઉજવણી શ્રદ્ધા અને ભક્તિનું અદ્ભુત સંગમ

(સામના મિરર, સંવાદદાતા)

સાવરકુંડલા, તા. ૭: સાવરકુંડલા આસો માસની નવરાત્રીમાં સાવરકુંડલા શહેરમાં માતાજીની ભક્તિનો માહોલ જોવા મળી રહ્યો છે. શહેરના વિવિધ મંડળો દ્વારા અલગ અલગ સ્થળોએ મૂર્તિઓનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. સાવરકુંડલા શહેરની વર્ષો જૂની પરંપરા રહી છે તેમ આ વર્ષે પણ વિવિધ મંડળો એ અદભુત મૂર્તિઓનું નિર્માણ કર્યું છે.

**શ્રી કૃષ્ણ રાસ મંડળઃ** આ મંડળ દ્વારા ૪૧ વર્ષથી નિરંતર વિવિધ મૂર્તિઓ બનાવે છે આ વર્ષે ખોડીયાર માતાજીની મૂર્તિનું આયોજન કરવામાં આવે છે.

**દાસારામ યુવા ગ્રુપઃ** ૧૩ વર્ષથી વિવિધ મૂર્તિઓ બનાવી રહ્યું છે ત્યારે આ વર્ષે હમીરજી ગોહિલ મહાદેવની મૂર્તિનું આયોજન કરતા આ ગ્રુપે દાન બાપુની જગ્યાની બાજુમાં આ વર્ષે પણ સુંદર સજાવ્યો છે.



**હર ભોલે મિત્ર મંડળઃ** ૪૯ વર્ષથી નિયમિત અલગ અલગ મૂર્તિઓ બનાવો છે આ વર્ષે લક્ષ્મીજીની મૂર્તિનું આયોજન કરતા ભક્તો માટે દર્શનનું આયોજન કર્યુ છે.

**પોપટ બોઘા યુવક મંડળઃ** ૩૮ વર્ષથી વિવિધ આકર્ષક મૂર્તિઓ બનાવે છે ત્યારે આ વર્ષે શેઠ ચેલૈયા પ્રસંગની આબેહુબ મૂર્તિઓ બનાવતા આ મંડળે પોપટબોઘાના નાકુની આડી શેરીમાં આ વર્ષે પણ અદભુત કારીગરીનું પ્રદર્શન કર્યું છે.

**શ્રી કૃષ્ણ ગૌશાળાઃ** ૨૨ વર્ષથી નિયમિત અલગ અલગ આકર્ષણ સાથેની મૂર્તિઓ બનાવતું આવ્યું છે ત્યારે આ વર્ષે 'સમુદ્ર મંથન' થીમ પર લાઈટિંગ સાથે સજાવ્યું છે .

**ખોડીયાર બાળ મંડળઃ** ૨૧ વર્ષથી નિયમિત વિવિધ આકર્ષક મૂર્તિઓ તેમજ લાઈટિંગ સાથે આયોજન કરે છે આ વર્ષે મહાકાળી માતાજીની મૂર્તિનું સુંદર આયોજન કરતા આ મંડળે આ વર્ષે પણ ભક્તોને આકર્ષિત કરી રહ્યું છે.

**ભગતસિંહ યુવા ગ્રુપઃ** છેલ્લા ચાર વર્ષથી વિવિધ સાઉન્ડ તેમજ આકર્ષિત લાઈટિંગ તેમજ અન્ય ઈન્સ્ટ્રુમેન્ટ સાથેનું આયોજન કરવામાં આવે છે આ વર્ષે કષ્ટભંજન દેવની મૂર્તિનું આયોજન કરતા આ ગ્રુપે ભવ્ય લાઈટિંગ અને શણગારથી મંડપને સજાવ્યો છે.

સાવરકુંડલાની આ પરંપરા દર્શાવે છે કે શહેરની સાંસ્કૃતિક વારસો કેટલો સમૃદ્ધ છે. દરેક મંડળ પોતાની પેઢી દર પેઢી આ પરંપરાને જીવંત રાખવા માટે પ્રયત્નશીલ છે. આ નવરાત્રીમાં શહેર ભક્તિના રંગે રંગાયું છે. દરેક મંડળે પોતાની મહેનત અને કલાત્મક કારીગરીથી દેવી-દેવતાઓને પ્રસન્ન કરવાનો પ્રયાસ કર્યો છે.

## કોડીનાર સોમનાથ સાઈન્સ એકેડેમીમાંની વાઢેર દીક્ષિકાબેન ૨૦૦ મીટર દોડમાં મેળવ્યો ગોલ્ડ મેડ



(સામના મિરર, સંવાદદાતા)

સોમનાથ, તા. ૭: સોમનાથ સાયન્સ એકેડેમી કોડીનાર ધોરણ ૧૨માં એથ્લેટીક સ્કૂલ માં અભ્યાસ કરતી દીક્ષિકાબેન માવજીભાઈ વાઢેર એ આજરોજ તારીખ૦૫ /૦૯/ ૨૦૨૪ના મહારાષ્ટ્રના નાગપુર મુકામે ૩૫મી વેસ્ટ ઝોન જુનિયર નેશનલ એથ્લેટિક ચેમ્પિયનશિપ ૨૦૨૪માં ૨૦૦ મીટર દોડમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને ગોલ્ડ મેડલ મેળવ્યો. ઉના દીવ ટાઈમ્સના તંત્રી માવજીભાઈ વાઢેરની પુત્રી દીક્ષિકાબેન વાઢેરે ૨૦૦ મીટર દોડમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને ગુજરાત દેલવાડા અને વાઢેર પરિવાર ગૌરવ વધાર્યું હતું.

# આલોચનાત્મક લેખો માટે પત્રકારો સામે ફોજદારી કેસ નોંધવો જોઈએ નહીં : સુપ્રીમ કોર્ટ

(સામના મિરર, સંવાદદાતા)

નવી દિલ્હી, તા. ૭ઃ સુપ્રીમ કોર્ટે શુક્રવારે કહ્યું હતું કે પત્રકારો સામે ફોજદારી કેસ નોંધવા જોઈએ નહીં કારણ કે તેમના લખાણોને સરકારની ટીકા તરીકે જોવામાં આવે છે. જસ્ટિસ હૃષિકેશ રાય અને જસ્ટિસ એસવીએન ભાટીની બેન્ચે કહ્યું કે લોકશાહી દેશમાં અભિવ્યક્તિની સ્વતંત્રતાનું સન્માન કરવું જોઈએ અને બંધારણની કલમ ૧૯(૧)(અ) હેઠળ પત્રકારોના અધિકારોનું રક્ષણ કરવામાં આવે છે.

નવી દિલ્હી. સુપ્રીમ કોર્ટે શુક્રવારે કહ્યું હતું કે પત્રકારો સામે ફોજદારી કેસ નોંધવા જોઈએ નહીં કારણ કે તેમના લખાણોને સરકારની ટીકા તરીકે જોવામાં આવે છે.

જસ્ટિસ હૃષિકેશ રાય અને જસ્ટિસ એસવીએન ભાટીની બેન્ચે કહ્યું કે લોકશાહી દેશમાં અભિવ્યક્તિની સ્વતંત્રતાનું સન્માન કરવું જોઈએ અને બંધારણની કલમ ૧૯(૧)(અ) હેઠળ પત્રકારોના અધિકારોનું રક્ષણ કરવામાં આવે છે.



સુપ્રિમ કોર્ટે આજે પત્રકાર અભિષેક ઉપાધ્યાયને વચગાળાનું રક્ષણ મંજૂર કર્યું છે, અને નિર્દેશ આપ્યો છે કે ઉત્તર પ્રદેશ રાજ્ય વહીવટમાં જાતિ ગતિશીલતા પરના તેમના લેખના સંબંધમાં તેમની સામે કોઈ જબરદસ્તી પગલાં લેવામાં આવશે નહીં.

જસ્ટિસ હૃષીકિશ રોય અને એસવીએન ભાટીની ડિવિઝન બેન્ચે ઉત્તર પ્રદેશ પોલીસ દ્વારા તેમની સામે દાખલ કરવામાં આવેલી એફઆઈઆરને રદ કરવાની માંગ કરતી ઉપાધ્યાયની અરજી પર સુનાવણી કરી રહી હતી, ડિવિઝન બેન્ચે આ મામલાની સુનાવણી ૫ નવેમ્બરે રાખી હતી. પર તેના ટૂંકા આદેશમાં, ડિવિઝન બેન્ચે પત્રકારત્વની સ્વતંત્રતા અંગે કેટલાક સંબંધિત અવલોકનો કર્યા હતા.

ડિવિઝન બેન્ચે કહ્યું કે લોકશાહી દેશોમાં પોતાના વિચારો વ્યક્ત કરવાની સ્વતંત્રતાનું સન્માન કરવામાં આવે છે. ભારતના બંધારણના અનુચ્છેદ ૧૯ (૧) (ક) હેઠળ પત્રકારોના અધિકારો સુરક્ષિત છે. માત્ર પત્રકારના લખાણોને સરકારની ટીકા ગણવામાં આવે છે, તેથી લેખક સામે ફોજદારી કેસ ન કરવા જોઈએ.

તેમની અરજીમાં, ઉપાધ્યાયે ઉત્તર પ્રદેશ પોલીસ દ્વારા દાખલ કરવામાં આવેલી એફઆઈઆર તેમજ ઘટનાના સંબંધમાં અન્ય સ્થળોએ નોંધાયેલી અન્ય એફઆઈઆરને રદ કરવાની માંગ કરી છે. અરજદારે કહ્યું કે ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અને હાલમાં વિપક્ષના નેતા અખિલેશ યાદવે "X' પરની પોસ્ટમાં તેની પ્રશંસા કર્યા પછી તેમનો લેખ ચર્ચાનો વિષય બન્યો હતો. આ પછી તેને ઓનલાઈન ધમકીઓ મળવા લાગી. આવી ધમકીઓ સામે તેણે યુપી પોલીસના કાર્યકારી ડીજીપીને એક ઈમેલ લખ્યો અને તેના ‘એક્સ' હેન્ડલ પર પોસ્ટ કર્યો. યુપી પોલીસના અધિકૃત હેન્ડલએ તેમને ‘ડ' પર જવાબ આપતા કહ્યુંઃ તમને આથી ચેતવણી આપવામાં આવે છે અને અફવાઓ અથવા ખોટી માહિતી ન ફેલાવવા માટે જાણ કરવામાં આવે છે. આવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ, જે સમાજમાં ભ્રમ અને અસ્થિરતા પેદા કરે છે, તેના પર કાનૂની કાર્યવાહી થઈ શકે છે. તમારી સામે લેવામાં આવે છે.

# શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર સાવરકુંડલામાં આજરોજ દર્દીનારાયણના પરિવહન માટે મીની બસનું લોકાર્પણ

(સામના મિરર, સંવાદદાતા)

શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર નિઃશુલ્ક પણે દર્દી નારાયણ ની સેવા માં નિરંતર કાર્યરત છે. અને આ સાથે દિન પ્રતિ દિન આ સંસ્થા દર્દીનારાયણની સવલતોને ધ્યાનમાં રાખીને દર્દીને ઓછામાં ઓછી તકલીફ પડે તેનું સતત નિરીક્ષણ કરી રહી છે.

આરોગ્ય સેવામાં દર્દી નારાયણની સવલતોને ધ્યાનમાં રાખીને આવું જ એક સુંદર પગલું આજરોજ આરોગ્ય મંદિર દ્વારા વિનમ્રતાપૂર્વક ભરવામાં આવ્યું છે. મુંબઈના ઉદાર દાતા શ્રી સર પુરુષોત્તમદાસ ઠાકુરદાસ અને દિવાળીબેન ટ્રસ્ટ મુંબઈ ના



રિપોર્ટરઃ યોગેશ ઉનડકટ સાવરકુંડલા

સહયોગથી આ સંસ્થામાં આજરોજ દર્દી નારાયણને કોઈપણ કેમ્પ હોય અથવા કોઈ વિસ્તારમાંથી એક સાથે હોસ્પીટલ માં લાવી શકાય તે હેતુથી એક સુંદર અને આધુનિક સગવડોથી સુસજ્જ સેન્ટ્રલ એસી મીની બસનું લોકાર્પણ કરવામાં આવ્યું. આ પ્રસંગે માનવ મંદિરના મહંત શ્રી ભક્તિરામ બાપુ ના વરદ હસ્તે વિધિવત પૂજા અર્ચના કરી આ મીની બસનું દર્દી નારાયણની સુખાકારી માટે સદુપયોગ થાય તે અર્થે લોકાર્પણ કરવામાં આવ્યું.તેવું આરોગ્ય મંદિરના મેડિકલ સુપ્રિટેન્ડેન્ટ શ્રી ડો. પ્રકાશ કટારીયા ની યાદી માં જણાવવામાં આવ્યું હતું

# જાણીતા પત્રકાર કેયૂર શાહનો ૪૦મો જન્મદિન ધામધૂમથી ઉજવાયો

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટઃ શહેરના જાણીતા અને સફળ પત્રકાર કેયૂર શાહ આજના દિવસે ૪૦ વર્ષ પુરા કરી રહ્યા છે. ૨૦૦૨માં મીડિયા ક્ષેત્રમાં પ્રવેશ કર્યા બાદ, કેયૂર શાહે ‘‘દિવ્ય ભાસ્કર‘‘ રાજકોટ તથા અમદાવાદ, ‘‘સંદેશ‘‘ અમદાવાદ, ‘‘આજકાલ‘‘ રાજકોટ, અને ‘‘ખાસખબર‘‘ રાજકોટ જેવા અગ્રણી અખબારોમાં તેમના કાર્યકુશળતાથી સ્થાન જમાવ્યું છે. તેમના પોઝિટિવ અને પ્રભાવશાળી પત્રકારત્વ માટે ‘‘ગ્લોબલ બાઝાર‘‘ સહિત ડિજિટલ અને પ્રિન્ટ પ્લેટફોર્મ્સ પર તેઓને વિશિષ્ટ ઓળખ



મળી છે. હાલમાં, તેઓ ‘‘વોઇસ ઓફ ડે‘‘ દૈનિકના બિઝનેસ હેડ તરીકે નવી ઊંચાઈઓ સર કરી રહ્યા છે. ડિજિટલ મીડિયામાંના ગેમ-ચેન્જર, ઈવેન્ટ મેનેજમેન્ટ, અને માર્કેટિંગ સ્ટ્રેટેજીમાં પોતાની ઊંડાણભરી સમજ અને નવીનતા સાથે કેયૂર શાહે અનેક સફળ પ્રોજેક્ટ્સના આગેવાન બન્યા છે.

# ઈકો સેન્સેટીવ ઝોનને લઈને ધારી ગીરના ખેડૂતો, સરપંચો અને કોંગ્રેસ પક્ષના નેતાઓ દ્વારા ધારી મામલતદાર ને આવેદનપત્ર


રિપોર્ટરઃ સંજય વાળા-ધારી

(સામના મિરર, સંવાદદાતા)

ધારી, તા. ૭ઃ ઈકો સેન્સેટીવ ઝોનને લઈને રાજકીય માંધાતાઓ દ્વારા વિરોધના સુર ઊઠયા છે ત્યારે ગીર સોમનાથ, જુનાગઢ અને અમરેલી જિલ્લાના ૨૦૦ ઉપરાંતના ગામડાઓને ગંભીર અસરને લઈને આજે ધારી ગીરના ખેડૂતો, સરપંચો અને કોંગ્રેસ પક્ષના નેતાઓ દ્વારા ધારી મામલતદાર ને આવેદનપત્ર પાઠવ્યું હતું આવેદનપત્ર પાઠવવા અગાઉ પૂર્વ નેતા વિપક્ષ પરેશ ધાનાણી એ પણ ખેડૂતો સરપંચોની મુલાકાત લીધી હતી ને ગ્રામીણ ગામડાઓ અને ખેડૂતોને બચાવવા માટે કોંગ્રેસ પક્ષ ધારી તાલુકાને બચવવા આગળ આવી હતી જે રાજકીય નહિ પણ બિન રાજકીય આંદોલન શરૂ થાય તેવી શીખ પરેશ ધાનાણી એ આપેલ હતી ને કોંગ્રેસ સાથે ખેડૂતો મૌન રેલી સ્વરૂપે મામલતદારને આવેદનપત્ર પાઠવીને કાળો કાયદો રદ કરવાની માંગણીઓ કરવામાં આવી હતી કોંગ્રેસ સાથે સિંહોના ગઢ ગણાતા આંબરડી ગ્રામજનો પણ અલગ આવેદનપત્ર પાઠવ્યું હતું ને ઈકો સેન્સેટીવ ઝોન સામે વિરોધ કરી આવેદનપત્ર પાઠવ્યું હતું જ્યારે ગીર સોમનાથ જિલ્લા માંથી ઈકો સેન્સેટીવ ઝોનના ઉઠેલા વિરોધ હવે અમરેલી જિલ્લાના ધારીમાં પહોચ્યો છે ને ખેડૂતો, સરપંચો સાથે કોંગ્રેસે આવેદનપત્ર પાઠવીને ઈકો સેન્સેટીવ ઝોનનો કાળો કાયદો રદ નહિ થાય તો શાસ્ત્ર સાથે શસ્ત્ર ઉઠવવા પડે તો પણ પાછી પાની નહિ કરવાની ચીમકી ધારી કોંગ્રેસ પ્રમુખ રવી હીરાણી એ ઉચારી હતી.

## ધ્રોલ એમ ડી મહેતા એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા નવરાત્રી ઉત્સવની ઉજવણી


રિપોર્ટરઃ સંજય વાળા-ધારી

(સામના મિરર, સંવાદદાતા)

ધ્રોલ એમ ડી મહેતા એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા સંચાલિત ત્રિસ થી ચાલીશ વર્ષ થી સંચાલિત ગરબી માં માતાજી ની આરાધના કરવાનું પર્વ એટલે શરદિય નવરાત્રી ઉત્સવ ઉજવણ માં આવે છે એમ ડી મહેતા છાત્રાલય ની બાળા તથા જે એમ ડી મહેતા સ્કૂલ માં અભ્યાસ કરતી બાળાઓ ને રાખવાં માં આવે છે એમાં કોઈ પણ જાતની જ્ઞાતિ ની દિકરી ઓ રાખવા મા આવે છે નવરાત્રી ઉત્સવ ના એક માસ અગાઉ પ્રેક્ટિસ કરાવવા મા આવે છે આ ગરબા રમાડવા માટે હંસાબેન મહેતા દ્વારા વર્ષો પહેલાં ગવડાવવા તમે જ પ્રેક્ટિસ કેવી રીતે દરેક ગરબા ને અલગ થી હરેક ગરબા ને સુરસંગીત મઢવામાં આવે છે ધારદાર રજૂઆત કરવા મા આવે છે દુરદર્શન ઉપર એમ ડી મહેતા એજ્યુકેશન ટ્રસ્ટ ની બાળા ના ગરબા રજૂ આતો કરી ચૂક્યા છે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સુધાબેન ખંઢેરીયા તેમજ હંસાબેન મહેતા દ્વારા મઢવામાં આવે છે. હાલમાં પણ વર્ષો થી એકજ ધારા ગરબા રજુ કરવામાં આવે છે.

## આસો સુદ ચોથને સોમવારેમા કુષ્માંડાની પૂજા

- **નવરાત્રીની ગણતરી તિથિ પ્રમાણે થાય છે આજે ચોથ તીથી હોવાથી ચોથું નોરતુ**

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ, તા. ૭ઃ માતાજીના ચોથા નોરતે માતાજીના કુષ્માંડા સ્વરૂપની થાય છે માતાજીએ બ્રહ્માંડની ઉત્પની કરેલી જયારે સુષ્ટીનું અસ્તિત્વ નહતું ત્યારે ચારેય બાજુએ અંધકાર હતો. ત્યારે માતાજીએ પોતાના મંદ હાસ્ય દ્વારા બ્રહ્માંડની રચના કરેલી આથી માતાજીનુ નામ કુષ્માંડા પડેલુ માતાજી આદિ સ્વરૂપા અને આદિ શકિતરૂપ છે. માતાજીનો નિવાસ સૂર્ય મંડળની પાસે છે અને સૂર્ય લોકમાં તેજવાળુ છે માતાજી નો તેજ સૂર્ય સમાન છે અને શકિતરૂપ છે માતાજી ની તુલનામાં કોઈ દેવીદેવતા આવતા નથી બ્રહ્માંડના બધા જ પ્રાણીઓ મનુષ્યો તેમની છાયા રૂપ છે. માતાજીને આઠ ભુજા એટલે કે હાથ છે આઠ હાથમાં બાણ ધનુશ કમળ કળશ અને ચંક્ર છે અને આઠમાં હાથમાં સિધ્ધિ છે માતાજીનુ વાહન સિંહ છે. નવરાત્રીના ચોથા દિવસે માતાજી ની ઉપાસના થાય છે પવિત્ર મનથી ઉપાસના કરવી માતાજીની ઉપાસનાથી રોગ બીમારી દુર થાય છે અને સંસારના દુઃખો દુર થાય છે અને આધી વ્યાધીમાંથી મુકિત મળે છે.



**માતાજીના ઉપાસનાનો મંત્ર** : યા દેવી સર્વેભુતેષુ કુષ્માંડા રૂપેણ સંસ્થિતા, નમસ્તસ્યે નમસ્તસ્યે નમસ્તસ્યે નમો નમઃ

નૈવેધમાં માલપુવા અથવા ખીર ધરવાથી બધા જ રોગ દુર થાય છે.

- જ્યોતિષી રાજદીપ જોશી-વેદાંતરત્ન

# BAPSના પ્રમુખ મહંતસ્વામી મહારાજનું ૧૩થી અક્ષરમંદિર, ગોંડલમાં આગમન થશે

(સામના મિરર, સંવાદદાતા)

ગોંડલ, તા. ૭: તા.૧૩ને રવિવારે સવારે ૧૧ વાગ્યે, બોચાસણવાસી શ્રીઅક્ષરપુરુષોત્તમ સ્વામીનારાયણ સંસ્થાના સુત્રધાર પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંતસ્વામી મહારાજનું સોરઠના પ્રવેશદ્વાર ગોંડલમાં પાવનકારી આગમન થશે.

ભગવાન સ્વામિનારાયણના પદ પંકજથી પુનિત થયેલા, સાક્ષાત સ્થાન શ્રીઅક્ષરતીર્થ, ગોંડલના આંગણે, સમગ્ર વિશ્વમાં સનાતન હિંદુ ધર્મનો ધ્વજ લહેરાવનાર ગુણવંત ગુણાતીત સંત પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજ ૨૩ દિવસ સુધી અક્ષરમંદિરમાં બિરાજી દિવ્ય સત્સંગલાભ આપશે.

તા.૧૬ ઓક્ટોબરના રોજ શરદપૂનમે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનો ૨૪૦મો જન્મોત્સવ, સાંજે ૭ થી ૧૦ વાગ્યા દરમ્યાન અતિ ભવ્યતાથી ઉજવાશે.



તા.૨૩ અને તા.૨૫ના રોજ સવારે ૯ વાગ્યે દીક્ષા મહોત્સવ યોજાશે. જેમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના હસ્તે નવયુવાનો, બુધવારે પાર્ષદી દીક્ષા અને શુક્રવારે ભાગવતી દીક્ષા ગ્રહણ કરશે.

તા.૨૯ ઓક્ટોબર, મંગળવારે, ધનતેરશના શુભ દિવસે વિશ્વશાંતિ મહાયાગ, બ્રાહ્મ મુહૂર્તમાં વહેલી સવારે ૪ થી ૮ વાગ્યા દરમ્યાન પવિત્ર ગોંડલી નદીના કિનારે અક્ષરઘાટ પર યોજાશે.

તા.૩૧ ઓક્ટોબર,ગુરુવારે દીપોત્સવી દિને ચોપડા પૂજન નિમિત્તે મહાપુજા સાંજે ૪:૩૦ વાગ્યે શરૂ થશે. અને તા.૨ નવેમ્બર, શનિવારે, નૂતનવર્ષના પવિત્ર દિને અન્નકૂટ દર્શનનો લાભ સવારે ૯ થી સાંજે ૭ વાગ્યા સુધી પ્રાપ્ત થશે.

આ ઉપરાંત તા.૧૩ ઓક્ટોબરથી ૪ નવેમ્બર દરમ્યાન, યોગી સભામંડપમ ખાતે સવારે ૬ વાગ્યે પ.પૂ.મહંતસ્વામી મહારાજના પ્રાતઃપૂજા દર્શન, આશીર્વચન અને સાંજે ૬ વાગ્યે પારાયણમાં પૂ.સંતોના મુખે કથામૃતનો લાભ પ્રાપ્ત થશે.

તો આવા પરમ સાધુતા અને દિવ્યતાની મૂર્તિ સમાન પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજના દર્શનાર્થે અને સત્સંગનો લાભ પ્રાપ્ત કરવા સર્વે ભક્તજનોને અક્ષર મંદિરના કોઠારી પૂ.દિવ્યપુરુષ સ્વામીએ હાર્દિક નિમંત્રણ પાઠવ્યું છે.

## સુરેન્દ્રનગરમાં ડેન્ગ્યુના શંકાસ્પદ કેસ વધતા આરોગ્ય વિભાગ દોડતું થયું, ત્રણ તાલુકાને ડેન્ગ્યુગ્રસ્ત કર્યા જાહેર

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ.તા.૭

રાજ્યમાં ચોમાસાની સિઝનમાં ધોધમાર વરસાદ બાદ પાણીજન્ય રોગચાળો વધી રહ્યો છે, ત્યારે સુરેન્દ્રનગર જિલ્લામાં ૬૩ થી વધુ ડેન્ગ્યુના શંકાસ્પદ કેસ નોંધાતા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ત્રણ તાલુકાને ડેન્ગ્યુગ્રસ્ત જાહેર કરવામાં આવ્યાં છે.સુરેન્દ્રનગરમાં મચ્છરજન્ય રોગચારો વકરતા જિલ્લા આરોગ્ય તંત્ર એક્શનમાં આવ્યાં છે, ત્યારે સુરેન્દ્રનગરમાં ૬૩ જેટલા ડેન્ગ્યુના શંકાસ્પદ કેસ નોંધાય છે. જેમાં વઢવાણ, થાન અને ચોટીલાને ડેન્ગ્યુગ્રસ્ત તાલુકા જાહેર કરવામાં આવ્યાં છે. જિલ્લાના વિવિધ તાલુકામાં ડેન્ગ્યુના કેસના વધતા આંકડાને લઈને તંત્ર હરકતમાં આવ્યું છે, ત્યારે જિલ્લામાં આરોગ્ય વિભાગની ૧૩૧ ટીમો તૈનાત કરી દેવામાં આવી છે. આ ઉપરાંત, આરોગ્ય વિભાગ દ્વારા મચ્છરોનો ઉપદ્રવ અટકાવવા માટે ફોગીંગ કરવામાં આવ્યું. વરસાદના વિરામ અને શિયાળાના આગમન ટાણે સુરેન્દ્રનગર જિલ્લામાં રોગચાળો વકર્યો છે. ખાસ કરીને ડેન્ગ્યુના શંકાસ્પદ કેસોમાં ચિંતાજનક વધારો જોવા મળી રહ્યો છે, ત્યારે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સુરેન્દ્રનગર જિલ્લાના થાન, વઢવાણ અને ચોટીલાને ડેન્ગ્યુગ્રસ્ત તાલુકા જાહેર કરવામાં આવ્યા છે. હકીકતમાં સુરેન્દ્રનગરમાં ૬૩ જેટલા ડેન્ગ્યુના શંકાસ્પદ કેસ નોંધાયા છે. હાલ આ તમામ દર્દીઓ સારવાર હેઠળ છે. ડેન્ગ્યુ ઉપરાંત અન્ય રોગથી બીમાર દર્દીઓથી હોસ્પિટલો ઉભરાઈ રહી છે. એવામાં જિલ્લા આરોગ્ય તંત્ર હરકતમાં આવ્યું છે. ખાસ વાત એ છે કે, સુરેન્દ્રનગરમાં ડેન્ગ્યુના સૌથી વધુ કેસ થાન, વઢવાણ અને ચોટીલામાંથી સામે આવ્યા છે.

## ગુજરાત કોંગ્રેસ ઉપપ્રમુખ ગાયત્રીબા વાઘેલાના ડ્રાઈવરની દબંગાઈ, રસ્તા વચ્ચે ટ્રક ચાલકને ફટકારતા લાંબો ટ્રાફિક જામ

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ.તા.૭

સામાન્ય રીતે વિપક્ષ પ્રજાના પ્રશ્નો હળવા કરવા માટે આંદોલન કરતા હોય છે, ત્યારે આજે કોંગ્રેસના દિગ્ગજ નેતા અને કોંગ્રેસના ઉપપ્રમુખ ગાયત્રીબા વાઘેલાના ડ્રાઇવરે ચાર રસ્તા પર આવારા તત્વો માફક જાહેરમાં જ મારામારી કરતા હોય તેવા દ્રશ્ય સામે આવ્યા છે. જેના કારણે શહેરના ૧૫૦ ફૂટ રિંગ રોડ પર લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો. જેનો વીડિયો પણ સામે આવ્યો છે.



આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ, આજે રાતે સાડા ૯ વાગ્યાની આસપાસ શહેરના ૧૫૦ ફૂટ રિંગ રોડ પર આવેલ નાણાવટી ચોક નજીકથી પસાર થઈ રહેલી ગાયત્રીબા વાઘેલાની કારને એક ટ્રક સામાન્ય અડી ગઈ હતી. જેથી ગાયત્રીબા વાઘેલાનો ડ્રાઈવર કારમાં ઉતરીને ટ્રક ચાલકને ધોલધપાટ કરવા લાગ્યો હતો. આ સમયે ગાયત્રી બા પણ કારમાં ઉતરી આવ્યા હતા.

આ ઘટનાના પગલે રિંગ રોડ પર વાહનોની લાંબી કતારો લાગી હતી. આ બાબતની જાણ થતા પોલીસ કર્મચારી પણ ઘટના સ્થળે દોડી આવ્યો હતો. જેણે ગાયત્રી બાને પોતાની કાર સાઈડમાં લેવાનું જણાવ્યું હતુ. જો કે કોંગ્રેસ નેતાનો ડ્રાઈવર ટ્રક ચાલકને છોડવાનું નામ જ નહતો લેતો. આ ઘટનાના વીડિયોમાં પોલીસ સાથે પણ ગેરવર્તણૂંક કરવામાં આવી હોવાનું સ્પષ્ટ જોઈ શકાય છે.

સામાન્ય રીતે જાહેર રસ્તા પર અથવા પોલીસ સામે કોઈ ગેરવર્તણૂંક કરે, તો તેના પર પોલીસ કડક કાર્યવાહી કરતી હોય છે. જો કે કોંગ્રેસ નેતા અને તેમના ડ્રાઈવરે આજે જે રીતે તમાશો કર્યો, તેથી તેમના પર કોઈ કાર્યવાહી થાય છે કે કેમ? તે જોવું રહ્યું.

# શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં ગુજરાતની વણથંભી વિકાસ યાત્રાના સફળ 23 વર્ષ પૂર્ણ

**વર્ષ ૨૦૦૧માં ૭ ઓક્ટોબરે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યના ૧૪માં મુખ્યમંત્રી તરીકે શપથ લીધા ત્યારથી અત્યાર સુધીની ૨૩ વર્ષની સંકલ્પ સિદ્ધિની ગાથા જનજનમાં ઉજાગર કરવા દર વર્ષે ૭ ઓક્ટોબરથી ૧૫ ઓક્ટોબર સુધી વિકાસ સપ્તાહની ઉજવણી કરાશેઃ વિકાસ સપ્તાહ દરમિયાન સમગ્ર રાજ્યમાં જનભાગીદારી જોડીને વિવિધ આયોજનો હાથ ધરાશેઃ શ્રી નરેન્દ્રભાઈ મોદીના દિશાદર્શનમાં વિકાસ કામોથી પ્રસિદ્ધ થયેલા ૨૩ જેટલા આઈકોનિક પ્લેસ પર વિકાસ પદયાત્રા દ્વારા રાજ્યના વિકાસમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીના મહત્વપૂર્ણ યોગદાનથી લોકોને સુપરિચિત કરાશે**

## :: વિકાસ સપ્તાહ દરમિયાન યોજાનારા મુખ્ય કાર્યક્રમો ::

- ‘વિકાસ સપ્તાહ’ હેશટેગ સાથે સોશિયલ અને ડિજિટલ મીડિયા પર નાગરિકો શ્રી નરેન્દ્રભાઈ મોદીની સુશાસન પહેલો અને તેની સમાજ જીવન પર અસરો અંગેના અનુભવો શેર કરી શકશે
- શાળા-કોલેજોમાં વિકાસ થીમ આધારિત નિબંધ સ્પર્ધાઓ
- ભારત વિકાસ પ્રતિજ્ઞા
- વોલ પેઈન્ટિંગ તથા રાજ્યના મહત્વપૂર્ણ વિકાસ સ્થળોનું સુશોભન અને લાઈટીંગ
- રૂ. ૩૫૦૦ કરોડના વિવિધ વિકાસ કામોના લોકાર્પણ-ખાતમુહૂર્ત
- *:: વિવિધ થીમ આધારિત દિવસોની ઉજવણીનું આયોજન
- યુવા સશક્તિકરણ દિવસ  સુશાસન દિવસ  ઉદ્યોગ સાહસિકતા દિવસ  પોષણ અને આરોગ્ય દિવસ
- ગુજરાતમાં ૨૦૦૧થી ૨૦૨૪ સુધીના સુશાસન અને વિકાસના સંક્રાંતિકાળને
- ૨૦૪૭ સુધીમાં જનભાગીદારીથી વિકસિત ભારતના નિર્માણનો કર્તવ્યકાળ બનાવવા માટે
- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વની રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરતા પ્રવક્તા મંત્રી

**ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદીના કાર્યકાળમાં વિકાસની રાજનીતિનો નવો અધ્યાય રચાયો**

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ.તા.૭

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૭ ઓક્ટોબર ૨૦૦૧ના દિવસે ગુજરાતના ૧૪માં મુખ્યમંત્રી તરીકે શપથ લીધા અને વિકાસની રાજનીતિનો એક નવો અધ્યાય શરૂ થયો હતો. ૭ ઓક્ટોબર ૨૦૦૧થી ગુજરાતના વિકાસની જે વણથંભી યાત્રા શરૂ થઈ તેને સોમવાર તા. ૭ ઓક્ટોબર ૨૦૨૪ના ૨૩ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા ત્યારથી લઈને અત્યાર સુધીની ગ્લોબલ ગુજરાતની સંકલ્પ સિદ્ધિની આ બહુવિધ વિકાસ યાત્રા અને જનહિતકારી સુશાસનની ગાથા જન જન સુધી ઉજાગર કરવા દર વર્ષે તા. ૭ ઓક્ટોબરથી ૧૫ ઓક્ટોબર સુધી સમગ્ર રાજ્યમાં વિકાસ સપ્તાહની ઉમંગભેર ઉજવણી કરાશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના આ વૈશ્વિક અને બહુમુખી વિકાસ માટે આપેલા યોગદાનનો ઋણસ્વીકાર કર્યો હતો.ગુજરાતની આ સર્વાંગી વિકાસ યાત્રાને વડાપ્રધાન તરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા મળી રહેલા સતત માર્ગદર્શન માટે પણ આભાર વ્યક્ત કર્યો હતો અને ૨૦૦૧થી ૨૩ વર્ષ સુધી તેમની પ્રેરણાથી ગુજરાતે વિકાસ અને સુશાસનના જે નવા સીમચિહ્નો અંકિત કર્યા છે તેની ઉજવણી દર વર્ષે વિકાસ સપ્તાહથી કરવાનો નિર્ણય કર્યો હતો.

આ વિકાસ સપ્તાહ દરમિયાન વિવિધ થીમ સાથે યોજાનારા કાર્યક્રમોની વિસ્તૃત ભૂમિકા રાજ્ય સરકારના પ્રવક્તા આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલે આપી હતી. ૭ ઓક્ટોબરથી ૧૫ ઓક્ટોબર દરમિયાન યોજાનારા આ વિકાસ સપ્તાહની ઉજવણીમાં સૌ ગુજરાતીઓને જોડીને રાજ્યના લાંબાગાળાના અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટ માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે.

પ્રવક્તા મંત્રીશ્રીએ કહ્યું કે, આ વર્ષે વિકાસ સપ્તાહ દરમિયાન જે વિવિધલક્ષી કાર્યક્રમો રાજ્યભરમાં યોજાવાના છે તેમાં જે-તે સ્થળના સ્થાનિક કલાકારોની પ્રસ્તુતિના સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. આ ઉપરાંત ‘વિકાસ સપ્તાહ’ હેશટેગ સાથે સોશિયલ અને ડિજિટલ મીડિયા પર નાગરિકો શ્રી નરેન્દ્રભાઈ મોદીની સુશાસન પહેલો અને તેની સમાજ જીવન પર અસરો અંગેના અનુભવો શેર કરી શકશે.

ગુજરાતમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીના દિશાદર્શનમાં ૨૩ વર્ષના સુશાસનમાં વિકાસ કામોથી પ્રસિદ્ધ એવા વિવિધ જિલ્લાઓ-શહેરોના ૨૩ જેટલા આઈકોનિક પ્લેસ પર વિકાસ પદયાત્રા દ્વારા રાજ્યના વિકાસમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીના મહત્વપૂર્ણ યોગદાનથી લોકોને સુપરિચિત કરાશે.



### એસઆઇ અને એસએસઆઇની સામુહિક બદલીઓ સામે પણ સવાલ

# ડીઆઇ પાઇપલાઇનના કામ માટે છ-છ ટેન્ડર કર્યા છતાં ૫૫.૮૧ ટકા ઓનથી કામ આપવાનો નિર્ણય

### સમય અને નાણા બગાડવા છતાં તગડી ઓન સામે સંકલનમાં સવાલઃ સફાઇ કામદારોના નિર્ણય અંગે પણ ચર્ચા

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ, તા.૬

મનપા સ્ટે.કમીટીની આજની મીટીંગ અને તે પૂર્વેની ભાજપ સંકલનમાં કેટલાક સભ્યોએ મોંઘા ડીઆઇ પાઇપલાઇનના કામ સામે સવાલ ઉઠાવ્યા હતા. સફાઇ કામદારોને લાભ આપતી દરખાસ્તની અમલવારી શકય બનવા અંગે ચિંતા વ્યકત કરી હતી તો તાજેતરમાં તમામ વોર્ડમાં એસઆઇ અને એસએસઆઇની બદલી એક સાથે કરાતા કામ પર અસર પડયાની રાવ પણ કરી હતી.

વોર્ડ નં.૧૧માં અમૃત ૨.૦ યોજના અંતર્ગત ડીઆઇ પાઇપલાઇન લેબર વર્ક (પોકેટ ૩ થી ૯) તથા રોડ રીસ્ટોરેશન કરવાનું કામ ૧૦.૮૨ કરોડના ખર્ચે આપવા આજે મંજૂરી અપાઇ



હતી. આ દરખાસ્ત અંગે અમુક સભ્યોએ ચર્ચા કરી હતી. વાત એમ હતી કે આ મોટા કામ માટે છ-છ વખત ટેન્ડર કરવામાં આવ્યા હતા.

અમુક વખતે એજન્સી ન આવવા, ભાવ ઉંચા આવવા સહિતના સંજોગો સર્જાયા હતા. ગત વર્ષથી આ ટેન્ડર બહાર પડતા હતા. પરંતુ મનપાની ટેન્ડર કમીટી ભાવો મંજૂર કરી શકતી ન હતી. ૨૯.૭૦થી ૩૬.૬૧ ટકા સુધીની ઓન તંત્રએ ન સ્વીકારી વધુ સસ્તા ભાવ માટે પ્રયાસો કર્યા હતા.

હવે હાલત એવી થઇ કે આ કામ માટે છઠ્ઠા ટેન્ડર બાદ છેલ્લે એક એજન્સી હાઇબોન્ડ ઇન્ફ્રા. પ્રા.લી.એ ૫૫.૮૧ ટકાની ઓન માંગી હતી. જે ટેન્ડર મૂલ્યાંકન કમીટીએ યોગ્ય ઠેરવ્યા હતા. હવે ગત વર્ષે તેના કરતા ૬૦ ટકા ઓછી ઓન હોવા છતાં કામ અપાયું ન હતું અને આટલો સમય બગાડયો છતા શું ફાયદો તેવો પ્રશ્ન કર્યો હતો. આ અંગે અધિકારીઓનો સંપર્ક કરતા તેમણે જણાવ્યું હતું કે, સૌ પહેલા મટીરીયલ સાથે અને તે બાદ લેબર ટેન્ડર બહાર પડાયા હતા. ૨૨ ટકામાં કામ ચાલુ હતુ ત્યારે ૨૯.૭૦ ટકામાં મંજૂર કરવું યોગ્ય ન હતું. આ બાદ અમૃત યોજના હેઠળ પૂરા રાજયમાં ખુબ કામો નીકળતા એજન્સી આવતી ન હતી.

બાદમાં કોર્પો.એ જાતે પાઇપલાઇન ખરીદવા નિર્ણય કરી લેબર વર્ક કરાવવાની નીતિ અપનાવી હતી. તેમાં સમય જતા આજે કામ થોડુ મોંઘુ જરૂર પડયું છે. પરંતુ આ વિસ્તારોમાં ખોદકામના બાકી કામના વાકે ડામર રોડ થતા ન હોય, લોકો માટે આ નિર્ણય લેવાયો છે.

સફાઇ કામદારોને નોકરી છોડી પોતાના વારસદારને નોકરીમાં મૂકવા મેડીકલ સર્ટી.માંથી મુકિત અપાઇ છે પરંતુ સમાજના જ અન્ય યુવાનો નોકરીમાં આવી ન શકે અને માત્ર વારસદાર જ નોકરી મેળવી શકે તેવો ઠરાવ સરકારમાં શું મંજૂર થઇ શકશે તેવો પ્રશ્ન કરવામાં આવ્યો હતો.

---

### જનેતા બાળકને મારવા માગતી હતી; ચાઈલ્ડ હેલ્પ લાઈનની મદદથી જીવ બચ્યો

ભાવનગર,તા.૬

બે જાગૃત નાગરીક દ્વારા બાળકને લઈને ઘોઘા રોડ પોલીસ સ્ટેશન આવી ગયાં હતાં, ત્યાંથી ચાઈલ્ડ હેલ્પલાઈન નંબર ૧૦૯૮ અને મહિલા અભિયમ હેલ્પલાઈન ૧૮૧ ઉપર કોલ કરી સમગ્ર હકીકત જણાવી હતી.શુક્રવારનાસાંજના સમયે એક મહિલા દ્વારા પોતાના આશરે સવા વર્ષના બાળકને માર મારી રહીં હતી અને બાળકને જીવથી મારી નાખવા માટે સુભાષનગર પૂલ ઉપરથી બાળક ને નીચે ફેકવા માટે જતી હતી.તે સમયે બે જાગૃત નાગરીક દ્વારા બાળકને લઈને ઘોઘા રોડ પોલીસ સ્ટેશન આવી ગયાં હતાં, ત્યાંથી ચાઈલ્ડ હેલ્પલાઈન નંબર ૧૦૯૮ અને મહિલા અભિયમ હેલ્પલાઈન ૧૮૧ ઉપર કોલ કરી સમગ્ર હકીકત જણાવી હતી. જિલ્લા બાળ સુરક્ષાની કચેરી ભાવનગરનાં બાળ સુરક્ષા અધિકારી નવનીત જોષી, બાળ કલ્યાણ સમિતિ ભાવનગરનાં સભ્ય રામદેવસિંહ ગોહિલ અને મહિલા અભિયમ હેલ્પલાઈન નંબર ૧૮૧નાં કાઉન્સેલર વૈશાલી સરવૈયા તાત્કાલિક ઘોઘા રોડ પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા.

---

# મનપા દબાણ હટાવ શાખાએ માર્ગોમાંથી ૯૫૯ બોર્ડ-બેનર જપ્ત કર્યા

### એક સપ્તાહ દરમ્યાન નડતરરૂપ ૮૯ રેંકડી, ૧૫૩૩ કિ.ગ્રા. શાકભાજી જપ્ત કર્યા મંડપ-કમાન નાખનાર પાસેથી બે લાખનો ચાર્જ વસુલાયો

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ તા.૬

રાજકોટ મહાનગરપાલિકાની દબાણ હટાવ શાખા દ્વારા તારીખ.૨૫/૦૯/૨૦૨૪ થી તારીખ03/૧૦/૨૦૨૪ દરમ્યાન રાજકોટ શહેરમાં જુદી જુદી જગ્યાએ જાહેર માર્ગો પર દબાણ રૂપ એવા રેંકડી-કેબીન, અન્ય ચીજવસ્તુઓ, શાકભાજી-ફળો જપ્ત તેમજ પશુઓને આપવામાં આવતું લીલું, બોર્ડ-બેનરો વગેરે જપ્ત કરવાની કામગીરી કરવામાં આવેલ છે.

મવડી મેઈન રોડ,પુષ્કરધામ મેઈન રોડ,ભીમનગર મેઈન રોડ,રામાપીર ચોકડી, કોઠારીયા સોલવન્ટ, કોઠારીયા મેઈન રોડ,સાંઈબાબા સર્કલ, જ્યુબેલી માર્કેટ, જામનગર રોડ, ગુંદાવાડી, ગાયત્રીનગર મેઈન રોડ પાસેથી રસ્તા પર નડતર રૂપ ૮૯




રેકડી/કેબીન જપ્ત કરવામાં આવી હતી. રૈયાધાર, જ્યોતિનગર, નાણાવટી ચોક, પંચાયત ચોક, ગોવિંદબાગ,નાના મૌવા મેઈન રોડ,પારેવડી ચોક,પાંજરાપોળ હોકર્સ ઝોન,પેડક રોડ,કુવાડવા રોડ,આનંદબંગલા ચોક ,અટીકા,રવિરત્ન પાર્ક ,જામનગર રોડ,કોર્ટ ચોક, ગાયત્રીનગર, હોસ્પિટલ ચોકડી પરથી જુદીજુદી અન્ય ૪૭૦ પરચુરણ ચીજ વસ્તુઓ જપ્ત કરવામાં આવેલ.

જંક્શન રોડ, જ્યુબેલી, પંચાયત ચોક,રામાપીર ચોકડી, પુષ્કરધામ મેઈન રોડ,માધાપર રિંગ રોડ, લક્ષ્મિનગર નાલા પાસેથી ૧૫૩૩ કિલો શાકભાજી/ફળ જપ્ત કરવામાં આવેલ.કોઠારીયા રોડ, સંતકબીર રોડ,પુષ્કરધામ મેઈન રોડ,નાણાવટી ચોક,રૈયા રોડ, મવડી વિસ્તાર, સ્વામીનારાયણ ચોક પરથી રૂ.૨,૦૬,૫૦૦/- મંડપ કમાન છાજલી ભાડુ વસુલ કરવામાં આવેલ છે.સંતકબીર રોડ,ધરાર માર્કેટ,કોઠારીયા રોડ,મોરબી રોડ,ભાવનગર રોડ,કુવાડવા રોડ ૮૦ફુટ રોડ,અટિકા ફાટક,જામનગર રોડ,ટાગોર રોડ,આનંદબંગલા ચોક,મવડી મેઈન રોડ,આહિર ચોક પરથી રૂ.૧,૪૫,૫૧૦/- વહિવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

---

# મનપાના ઢોર ડબ્બામાં પશુઓના મોતની વીજીલન્સ તપાસ કરાવવા કમિશ્નરને રજુઆત

### કોંગ્રેસના મહિલા કોર્પોરેટર સહિતના આગેવાનોની માંગ

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ તા.૬

રાજકોટ મનપાના ઢોર ડબ્બામાં પશુઓના મોતની વીજીલન્સ તપાસ કરાવવા કોંગ્રેસના મહિલા કોર્પોરેટર સહિતનાએ કમિશ્નરને રજુઆત કરી છે. ૧૨ જુનથી ૧૫ સપ્ટે. સુધીમાં રાજકોટ મહાપાલિકાના ઢોર ડબ્બામાં ૭૫૬ જેટલા પશુના ભૂખમરાને કારણે મોત થતા તેની સંપૂર્ણ જવાબદારી જીવદયા ઘરની હોય જેને મહાપાલિકા પશુદીઠ રૂા.૫૦ નિભાવખર્ચ આપે છે.

આ ત્રણ માસમાં ૭૫૬ ગાયના મોત થાય અને ૩૦/૯ના ફરી ૧૦ ગાયના મોત થયા હોય જો મહાપાલિકાના



જનરલ બોર્ડમાં સ્વીકારવામા આવ્યુ છે કે જીવદયા ઘરના લોકોને ૧૭ લાખથી પણ વધારે રૂપિયાની સહાય ગ્રાન્ટરૂપે આપવામા આવી હતી. ગાયને પાણી પણ અપાતુ નથી જેથી ગાયના મોત થાય છે. આમા જવાબદારોને સજા થાય અને કોર્પો.ના અધિકારી આમા હોય એને પણ જેલમાં મોકલવા સાથે જેટલી ક્ષમતા હોય તેટલા જ પશુઓ રાખવા કોમલબેન રમેશભાઈ જુજા, હરેશભાઈ ભારાઈએ રજુઆતમાં જણાવ્યુ હતુ.

# પૂરમાં ઘેરાઈ જતા આજી નદી કાંઠાના ૯૦૪ ગેરકાયદે બાંધકામોને ટીપીની નોટીસ

## આજી રીવરફ્રન્ટ માટે ડિમોલીશન ન થઇ શકયા બાદ હવે ચોમાસા લોકો પરનું જોખમ ટાળવા કાર્યવાહીની તૈયારી લોકોની દોડાદોડી ધાર્મિક સહિતના દબાણો હટાવવા મનપામાં ધમધમાટ

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ, તા. ૭

ચાલુ વર્ષે ભારે વરસાદમાં વધુ એક વખત આજી નદી કાંઠાના વિસ્તારમાં ફરી આવેલા પુરના કારણે અનેક લોકોના જીવ પર જોખમ સર્જાયા હતા. નાગરિકોનું શાળામાં સ્થળાંતર કરવું પડયું હતું. આ સંજોગોમાં ડૂબમાં આવતા ૯૦૪થી વધુ મકાનોને ભવિષ્યનું સંકટ ટાળવા ફરી ટાઉન પ્લાનિંગ વિભાગે ડિમોલીશનની નોટીસ આપી છે. ૨૬૦-૧ એકટ હેઠળ ૧૦ દિવસમાં જગ્યા ખાલી કરવા મુદ્દત આપવા સાથે હજુ નોટીસો આપવાનું ચાલુ છે.



જંગલેશ્વરને લાગુ બંને તરફના નદી કાંઠાના વિસ્તારોમાં આવેલી આટલી મિલ્કતોમાં કેટલાક ધાર્મિક સ્થાનો પણ આવે છે. દર વર્ષે લોકોને શાળામાં ખસેડવા પડે છે. આથી આ પ્રશ્નનો કાયમી નિકાલ લાવવા કમિશ્નરે કાર્યવાહી હાથ પર લીધી છે.

તાજેતરમાં સુપ્રીમ કોર્ટ દ્વારા રોડ રસ્તા ઉપરના ગેરકાયદેસર દબાણો હટાવવાનો આદેશ કર્યો છે. જે અનુ સંધાને કલેક્ટર દ્વારા ધાર્મિક સહિતના દબાણોને નોટીસ શરૂ થઇ છે. આ સાથે મહાનગરપાલિકાએ પણ નદીકાંઠાના વિસ્તારો તેમજ જંગલેશ્વર સહિતના વિસ્તારોમાં થયેલા ધાર્મિક તેમજ અન્ય ગેરકાયદેસર દબાણો દૂર કરવા માટે ૯૦૪ દબાણ કરતાઓને નોટીસ આપતા આસામીઓ મનપાએ દોડવા લાગ્યા છે.

ભુતકાળમાં આજી રીવરફ્રન્ટ માટે પણ આવી નોટીસો અપાઇ હતી પરંતુ પ્રોજેક્ટ આગળ ન વધતા ડિમોલીશન કરાયા ન હતા. હવે પૂરની સ્થિતિમાંથી લોકોને બચાવવા દિવાળી બાદ ઓપરેશન થાય તેવી શકયતા છે.

આજીનદી કાંઠે વર્ષોથી દબાણો થઈ ગયા છે. જેના લીધે આજીનદીનો પટ્ટ સાંકડો થઈ જવાથી આજીડેમ ઓવરફ્લો થાય ત્યારે અને ચોમાસા દરમિયાન પાણી દબાણગ્રસ્ત વિસ્તારોમાં જતા રેસ્કયુ કરવા પડે છે. થોડા સમય પહેલા આજી નદી કાંઠે અમુક ગેરકાયદેસર બાંધકામોનું ડિમોલેશન કરવામાં આવ્યુંહ તું. પરંતુ આ સ્થળે ફરી દબાણો થઈ ગયા છે.

આથી ઈસ્ટ ઝોન ટાઉન પ્લાનીંગ વિભાગ દ્વારા સૌથી વધુ જંગલેશ્વર વિસ્તારમાં અને આજી રિવરફ્રન્ટમાં નડતરરૂપ થઈ ગયેલા ૯૦૪ ગેરકાયદેસર દબાણોને નોટીસ આપવામાં આવી છે.

આ દબાણો દૂર કરવા માટે અગાઉ પણ અનેક વખત નોટીસો અપાઈ ગઈ છે. પરંતુ ડિમોલેશન થયું નથી. હવે પ્રથમ જંગલેશ્વર વિસ્તારના રોડ રસ્તા ઉપર આવતા વર્ષો જૂના દબાણો તેમજ નદીકાંઠાના દબાણો દૂર કરવા માટે નોટીસ અપાઈ છે. જે અંતર્ગત દબાણકારોને ૧૦ દિવસનો જાતે દબાણો દૂર કરવાનો સમય અપાયો છે. છતાં દબાણો દૂર નહીં થાય તો દિવાળી બાદ તમામ ગેરકાયદેસર દબાણોનું ડિમોલેશન કરવામાં આવશે. શહેરના અન્ય વિસ્તારોમાં થઈ ગયેલા સુચિતના તેમજ માર્જીન અને પાર્કિંગના દબાણો દૂર કરવા માટે પણ કાર્યવાહી થવાની છે. છેલ્લા એક વર્ષ દરમિયાન ૨૬૦-૨ની નોટીસ આપવામાં આવી હોય અને આજ સુધી આ દબાણો દૂર ન થયા હોય તેની વિરૂદ્ધ પ્રથમ કાર્યવાહી હાથ ધરાશે.

જ્યારે મહાનગરપલિકાના પ્લોટ ઉપર તેમજ રોડ-રસ્તા ઉપર થયેલા દબાણોનો સર્વે કરવામાં આવ્યો છે અને આ તમામ દબાણ કરતાઓને ટુંક સમયમાં નોટીસ આપી સમય મર્યાદામાં દબાણો દૂર નહીં થાય તો ડિમોલેશનની કાર્યવાહી હાથ ધરાશે. બીજી તરફ આવી નોટીસવાળી મિલ્કતોના નળ અને લાઇટ જોડાણ કાપવા તજવીજ થઇ છે ત્યારે નોટીસ બાદ પણ ખડકાઇ ગયેલા શોરૂમો સામે કયારે કાર્યવાહી થશે તે સવાલ છે.

# સ્માર્ટ સીટી પાસે જળ અને જમીનની જાળવણી માટે ૧૩ કરોડના ખર્ચે સ્પોન્જ સીટી બનાવવાનો નિર્ણય

## રાષ્ટ્રીય શહીદ સ્મારક સહિતના કામ માટે સરકાર પાસે ૬૦ કરોડની માંગણી કરાશે

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ, તા.૬



મનપા વિસ્તારમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આગવી ઓળખ ઘટક હેઠળ સરકાર પાસે ૬૦ કરોડની ગ્રાન્ટ માંગવાનો નિર્ણય મહાપાલિકા દ્વારા આજે કરવામાં આવ્યો છે.

આ દરખાસ્ત અંગે ચેરમેન જયમીન ઠાકરે જણાવ્યું હતું કે શહેરમાં આવા વિશિષ્ટ કામ માટે સરકાર પાસે ગ્રાન્ટ મેળવવાની દરખાસ્ત આજે મંજુર કરાઇ છે. તેમાં રાજકોટના પેડક રોડને ગૌરવપથ તરીકે ડેવલપ કરવા ૨૪ કરોડ, સ્પોન્જ સીટી ડેવલપ કરવા ૧૩ કરોડ, રાજકોટમાં રાષ્ટ્રીય શહીદ સ્મારક બનાવવા ૭ કરોડ, સીટી બ્યુટીફીકેશન માટે ૯ કરોડ અને વેસ્ટ ઝોન વિસ્તારમાં લાયબ્રેરી બનાવવા ૭ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

સ્પોન્જ સીટીની વાત કરીએ તો નવા રીંગ રોડ પર સ્માર્ટ સીટી આસપાસ ૧૪ એકરમાં આવું ખાસ જળ અને જમીન જાળવણી માટેનું સ્થળ વિકસાવવામાં આવશે. જમીનનું ધોવાણ ન થાય તે રીતે ગ્રીન કવર વધારવા, જળ સંગ્રહ વધારવા અને કેનાલો મારફત તેનું ચેનલાઇઝેશન કરવા, પાંચ ભાગમાં નેબરહુડ વ્યવસ્થા ચાલુ કરવાનો તેમાં સમાવેશ થાય છે.

# રાજકોટની વધુ બે ગ્રાન્ટેડ શાળાઓને લાગ્યા તાળા

## વિદ્યાર્થીઓની સંખ્યાના અભાવે માઁ શારદા વિદ્યાલય તેમજ નવોદિત હાઇસ્કૂલને બંધ કરવા નિર્ણય

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ, તા.૫




રાજકોટની વધુ બે ગ્રાન્ટેડ શાળાઓને વિદ્યાર્થીઓની સંખ્યાના અભાવે બંધ કરવાનો નિર્ણય લેવામાં આવેલ છે. જેમાં ઢેબર રોડ પરની માઁ શારદા વિદ્યાલય તેમજ પેડક રોડ પર આવેલ નવોદિત હાઇસ્કૂલનો સમાવેશ થાય છે. આ અંગે છેલ્લા શિક્ષણાધિકારી દિક્ષીત પટેલનો સંપર્ક કરાતા તેઓએ જણાવ્યું હતું કે આ બંને ગ્રાન્ટેડ શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા ન હોય તેને બંધ કરવાનો નિર્ણય લેવામાં આવેલ છે. જેમાં આ શાળાઓના બે શિક્ષકો છુટા થયા છે જ્યારે એક શાળામાં શિક્ષકો ન હતા હવે બાકીના એક શિક્ષક છે તેને અન્ય શાળાઓમાં ફાળવી દેવામાં આવશે.

આ અંગે ચર્ચાતી વિગતો મુજબ માઁ શારદા વિદ્યાલય ૫૩ વર્ષ જુની સંસ્થા હતી જેમાં ધો.૯ના બે વર્ગ અને ધો.૧૦ના એક વર્ષ ચલાવવામાં આવતા હતા. પરંતુ ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ બાદ બીયુ પરમીશન વગરની આ શાળાને સીલ મારી દેવામાં આવેલ હતું. જે વાત આ સીલ જોઇને વાલીઓએ પોતાના બાળકોના આ શાળામાં એડમીશન લીધા ન હતા.

વિદ્યાર્થીઓની સંખ્યા આ શાળામાં તૂટતા અંતે આ શાળાને બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આવી જ રીતે પેડક રોડ પર આવેલ નવોદિત આ સ્કૂલ કે જે વર્ષ ૨૦૦૧થી કાર્યરત હતી.

જેમાં પણ વિદ્યાર્થીઓની સંખ્યા ન હોય તેને બંધ કરવાનો નિર્ણય લેવામાં આવેલ છે. અહીં એ પણ ઉલ્લેખનીય છે કે પીપળીયા ગામમાંથી ઝડપાયેલ ગૌરી ડમી શાળામાં પણ આ શાળાના વિદ્યાર્થીનું લીવીંગ પકડાતા જે-તે સમયે આ શાળાને પણ નોટિસ શિક્ષણાધિકારી દ્વારા આપવામાં આવી હતી.

# મેયરના વોર્ડ નં.૪માં સવા કરોડના ખર્ચે નવા ટીપી રોડના કામનો પ્રારંભ





(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ,તા.૬

વોર્ડ નં.૪માં રૂ.૧.૨૭ કરોડના ખર્ચે ટી.પી.-૧૪માં જુદા જુદા પ્લોટને લાગુ ૧૨ મીટર ટી.પી. રોડ ડેવલપ કરવાના કામનું ખાતમૂહૂર્ત મેયર નયનાબેન પેઢડીયા સહિતના કોર્પોરેટરો દ્વારા કરવામાં આવ્યું હતું. આ કામથી વોર્ડ નં.૪માં આવેલનોવા રેસિડેન્સી, તિરૂપતિ અમૃત, શાલિગ્રામ, ખોડલધામ રેસિડેન્સી વગેરે સોસાયટીના અંદાજીત ૧,૫૦૦ જેટલા લોકોને ફાયદો થશે અને સુવિધામાં વધારો થશે.

# રાજકોટ જિલ્લાના હાઈવે આસપાસના નડતરરૂપ દબાણો તોડી પાડવા કલેકટરનો આદેશ

## રોડ અકસ્માતના બનાવો પર રોક લાગે તે માટે પગલા લેવા તેમજ હાઈવે ચોકમાં હાઈમાસ્ટ લાઈટીંગ એજન્સીઓને તાકીદ

(સામના મિરર, સંવાદદાતા)



રાજકોટ તા.૬

રાજકોટ જિલ્લા કલેકટર પ્રભવ જોશીની અધ્યક્ષતામાં અને પોલીસ અધિક્ષક જયપાલસિંહ રાઠોરની ઉપસ્થિતિમાં કલેકટર કચેરી ખાતે ડિસ્ટ્રિક્ટ રોડ સેફ્ટી કાઉન્સિલની બેઠક યોજાઈ હતી.

જેમાં રાજકોટ જિલ્લા સંલગ્ન જુદા જુદા હાઇવે પર નિર્ધારિત બ્લેક સ્પોટ પર વાહન અકસ્માતના કારણોની ચર્ચા કરવામાં આવી હતી, તેમજ આ સ્થળોએ જરૂરી માર્ગદર્શક સાઈનેજીસની સાઇઝ વધારવા, ડાયવર્ઝન સ્મૂધ બનાવવા, હાઇવે ચોકમાં હાઈ માસ્ટ લાઈટિંગ લગાડવા વિવિધ એજન્સીને કલેકટરશ્રીએ સૂચનાઓ આપી હતી.

આ તકે અધ્યક્ષશ્રી દ્વારા હાઇવે આસપાસ આવેલ નડતરરૂપ ધાર્મિક સ્થળો, હોટલ, શોરૂમ, દુકાનો તોડી પાડવા તેમજ ગેપ ઇન મીડીયમ તોડતા લોકો વિરુદ્ધ ફરિયાદ કરવા સૂચના આપી હતી.રોડ સેફ્ટી એક્સપર્ટ જે. વી. શાહ અને આર.ટી.ઓ. શ્રી ખપેડ દ્વારા રોડ સેફ્ટી ઉપરાંત ગુડ સમરીટન યોજના અંગે જનજાગૃતિ અર્થે કરવામાં આવેલા સેમિનારની વિગતો પુરી પાડી હતી. ખાસ કરીને હાઇવે પર ચાલતા પદ યાત્રી સંઘને રોડ અકસ્માતનું પ્રમાણ વધી રહ્યું હોઈ તેઓને તકેદારી અંગે માર્ગદર્શિકા મુજબ જમણી તરફ ચાલવા અને કેમ્પ લગાવવા શ્રી જે. વી. શાહે ખાસ અનુરોધ કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજકોટ જિલ્લામાં કિશાન, મારુતિ પંપ, શાપર બ્રિજ, ઉમવાડી તેમજ જામવાડી પાસે અકસ્માતોનું પ્રમાણ વધારે જોવા મળે છે.

રોડ અકસ્માત માટે ઓવર સ્પીડ, ઓવર લોડિંગ વાહનો જવાબદાર છે. તેમજ વાહન ચાલક હેલ્મેટ ન પહેરતા હોઈ અકસ્માતે મૃત્યુ પામવાની ઘટના સામે આવે છે. આ બેઠકમાં બોલબાલા ટ્રસ્ટના જયેશભાઈ ઉપાધ્યાય, એ.સી.પી. ટ્રાફિક જે.બી. ગઢવી, એસ.ટી. વિભાગીય નિયામક કરોતરા, ૧૦૮ ના ચેતન ગાધે, ડી.ઈ.ઓ ધંધુકિયા, સિવિલ તબીબ, નેશનલ હાઈવે ઓથોરિટી, રૂડા, શિક્ષણ, આર. એન્ડ. બી, એલ.એન્ડ.ટી. સહીત વિવિધ વિભાગના અધિકારીશ્રી તેમજ પ્રતિનિધીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પોલીસ અધિકારીઓ રાસોત્સવમાં મશગુલ, લોકો ટ્રાફિકજામમાં ફસાયા; કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી

## પ્રથમ નોરતે જ રૈયા રોડ, મોટામવા, ૧૫૦ ફૂટ રીંગ રોડ, ટાગોર રોડ, વિરાણી હાઇસ્કૂલ સ્થળે ટ્રાફિકજામથી ખેલૈયા સહિતના અનેક વાહન ચાલકો ફસાયા રોષ

(સામના મિરર, સંવાદદાતા)



રાજકોટ,તા.૬

રાજકોટ શહેર કોંગ્રેસની યાદી મુજબ રાજકોટમાં પોલીસ અધિકારીઓ રાસોત્સવમાં રહ્યા અને શહેરમાં ઠેર ઠેર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા અને લોકોને ભારે હેરાનગતિનો સામનો કરવો પડ્યો.નવરાત્રીના પ્રારંભે પ્રથમ નોરતેજ રાજકોટના રૈયા રોડ, મોટા માવા સ્મશાન પાસે, ૧૫૦ ફૂટ રીંગ રોડ, વિરાણી હાઇસ્કૂલ પાસે ટાગોર રોડ સહિતના શહેરના જે વિસ્તારોમાં અર્વાચીન રાસોત્સવ નું આયોજન હાથ ધરવામાં આવેલ છે તે વિસ્તારોમાં ટ્રાફિકમાં ભારે અંધાધુંધી અને અરાજકતા સર્જાઇ હતી તેવું જાણવા મળે છે. અર્વાચીન રસોત્સવના આયોજનના તમામ રસ્તાઓ અને આજુબાજુના ચોક ખાતે કલાકો સુધી લોકોને ટ્રાફિક માંથી નીકળવા માટે રાહ જોવી પડી હતી. ઇમરજન્સી વાહનો અને એમ્બ્યુલન્સ અને દર્દીઓ પણ ફસાયા હોવાનું જાણવા મળે છે.

રાજકોટ માં અપૂરતો ટ્રાફિક પોલીસ સ્ટાફ અને ટ્રાફિક વોર્ડન ને પગલે ખેલૈયાઓ અને તેની સાથે આવેલા પરિવારોએ પ્રથમ દિવસે જ હાલાકી વેઠવી પડી હતી. શહેરમાં આઇવે પ્રોજેક્ટ હેઠળ કેમેરાઓ હોવા છતાં જે સ્થળે ટ્રાફિકજામ થયો હોય તે સ્થળે ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને ટ્રાફિક ની ટીમ મોકલવાને બદલે ટ્રાફિક પોલીસ દ્વારા તમાશો જોવામાં આવ્યો હોય એવું જાણવા મળે છે.

રાજકોટ શહેર ટ્રાફિક પોલીસ માં વધુ સ્ટાફ ફાળવી અને પૂરતા ટ્રાફિક વોર્ડન અને હોમગાર્ડ જવાનો ની ટ્રાફિકમાં મદદ લઈ જે જગ્યાએ મોટા અર્વાચીન રાસોત્સવ થાય છે ત્યાં ટ્રાફિક નિયમન જાળવી ટ્રાફિક વ્યવસ્થા સુદ્રઢ બનાવવા રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણીએ રાજકોટ શહેર પોલીસ કમિશનરને પત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી છે.

## સૌરાષ્ટ્ર યુનિ.માં NET પાસને જ Ph.D. માં એડમિશન

# અગાઉ પરીક્ષા પાસ કરતા હજારો વિદ્યાર્થીઓને અન્યાય, ગાઈડસને ખટાવવાનો ખેલ કરતા VC-કુલસચિવ

## ૨૯ વિષયમાં ૨૨૪ સીટ ખાલી બતાવાઈ

(સામના મિરર, સંવાદદાતા)




રાજકોટ,તા.૬

રાજ્ય સરકાર દ્વારા પીએચ.ડી.માં એડમિશન માટે જીકાસ મારફત ઓનલાઈન ફોર્મ ભરવાનું ૧ ઓક્ટોબરથી શરૂ થઈ ગયું છે ત્યારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા મોડે મોડેથી આજે ૫ ઓક્ટોબરના પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે કે જે વિદ્યાર્થીઓએ ગઊઝ એટલે કે નેશનલ એલીજીબીલીટી ટેસ્ટ પરીક્ષા પાસ કરી હશે તેવા વિદ્યાર્થીઓને જ પીએચ.ડી.માં એડમિશન મળશે. જેનાથી ભૂતકાળમાં પીએચ.ડી.ની પ્રવેશ પરીક્ષા પાસ કરી છે તેવા હજારો વિદ્યાર્થીઓએ પાસ કરેલી પરીક્ષા રદ ગણાશે અને આ રીતે વિદ્યાર્થીઓના ભવિષ્યને દાવ ઉપર મૂકી અને ગાઈડસની મનમાનીને આધીન બની યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિ ડૉ. કમલ ડોડિયા અને કાર્યકારી કુલસચિવ ડૉ. રમેશ પરમારે નિર્ણય કર્યો છે. યુજીસીનો નિયમ ફરજિયાત ન હોવા છતાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી એ માત્ર પીએચ.ડી.પ્રવેશમાં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનનો અમલ કરવાનો દેખાડો કરી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને મોટો નુકસાન પહોંચાડતા ભારે કચવાટ ફેલાયો છે. રાજ્ય સરકાર દ્વારા પીએચ.ડી.માં એડમિશન માટે ૧ ઓક્ટોબરથી ઓનલાઈન ફોર્મ સ્વીકારવાનું શરૂ કર્યું છે

### સદસ્યતા નોંધણી મામલે થયેલ લૂંટની ફરીયાદ કરવાં ગયેલા...

# ભાજપના કોર્પોરેટર ભારતીબેન મકવાણાને પીઆઈએ પોલીસ મથકમાંથી બહાર કાઢ્યા !

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ. તા.૬

નવયુગપરામાં સદસ્યતા નોંધણી મામલે થયેલ લૂંટની ફરીયાદ કરવાં ગયેલા ભાજપના કોર્પોરેટર ભારતીબેન મકવાણા અને તેના પુત્ર તેમજ પતિને ગેટ આઉટ કહીં તમે ભાજપના કોર્પોરેટર છો, હું ડરતો નથી કહીં ઓફિસમાંથી બહાર કાઢતા ચકચાર મચી ગઈ હતી. જો કે, બાદમાં હરકતમાં આવેલ એ. ડિવિઝન પોલીસની ટીમે આરોપીને છરી સાથે પકડી ગુનો નોંધ્યો હતો.

બનાવ અંગે જિલ્લા ગાર્ડન પાસે સોરઠીયા પ્લોટમાં રહેતાં આદિત્ય બકુલભાઈ મકવાણાએ એ.ડિવિઝન પોલીસ મથકમાં આપેલ અરજીમાં જણાવ્યું હતું કે, તેમના માતા ભારતીબેન બકુલભાઈ મકવાણા વોર્ડ નં. ૧૪ ના ભાજપ પક્ષના નગર સેવક હોય, હાલ સદસ્યતા અભિયાન ચાલી રહેલ છે. જેથી પાર્ટીના સદસ્યતા અભિયાન અંગે ગઈ તા.૦૩ ના સવારે ઘર ઘર રૂબરૂ મુલાકાત લઈ



જે કોઈ લોકોને પાર્ટીમાં સભ્ય બનવું હોય, તેઓની ઓન લાઈન સદસ્ય બનાવી રહેલ હતા.

દરમિયાન નવયુગપરા શેરી નં. ૪ માં નવયુગપરાના લુખ્ખા અને માથાભારે, ઝનુની સ્વભાવના પ્રવિણ ભીખા મુછડીયા ઉર્ફે ચોટલો ત્યાં આવેલ અને ફરીયાદીને કોઈ કારણ વગર છરી બતાવી, ગાળાગાળી કરેલ અને તેમની પાસે રહેલ મોબાઈલ ફોન ઝુંટવી આ વિસ્તારમાં કયારે આવતો નહી અને જાનથી મારી નાખવાની ધમકી આપી અહીંથી નીકળી જા જે નહિંતર સારાવાટ નહી રહે ધમકી આપી હતી.

ત્યારબાદ તેઓએ બનાવ બાબતે તેમના માતા ભારતીબેનને જણાવેલ જેથી તેઓએ એ.ડિવીઝન પોલીસ મથક સ્ટેશનના પીઆઈને જાણ કરેલ અને બનાવ અંગે કાયદેસરના પગલાં લેવા જણાવેલ હતું. ત્યારબાદ થોડા સમયમાં આરોપી તેમના વિસ્તારના મેઈન રોડ શેરી નં.૨ ના ખુણા પર બન્ને હાથમાં ખુલ્લી ધારદાર છરા જેવું હથીયાર લઈ આવેલ અને ગાળો બોલતાં બોલતાં મોબાઈલ રોડ ઉપર જોરથી ફેંકી તોડી નાખેલ હતો. ત્યાંથી થોડે આગળ જઈ ફરીથી મેઈન રોડ પર ખુલ્લા હથીયાર લઈ ફરતો હોવાની જાણ પીઆઈને કરતાં તેને કોલ રીસીવ કર્યો ન હતો.આશરે ૩૦ મીનીટ બાદ પી.સી.આર વાહન આવેલ અને તમારે ફરીયાદ કરવી હોય તો, એ. ડીવીઝન પોલીસ સ્ટેશન પર આવી રૂબરૂ ફરીયાદ કરવા જણાવેલ હતું. જે બાદ ફરિયાદી અને તેના કોર્પોરેટર માતા અને પિતા એ. ડીવીઝન પોલીસ સ્ટેશન પર ફરીયાદ કરવા ગયેલ અને ત્યાં હાજર પીઆઈએ વાત-ચીત કરવા ફોન ઉપાડવા જણાવતાં તેઓ ઉશ્કેરાઈ ગયેલ અને આ માથાભારે આરોપી દવારા છેલ્લા ૦૮-૧૦ દિવસમાં ચાર વ્યકિતઓને માર મારેલ છે.

જેમાં એક અંધ સહિતના વ્યકિતને માર મારેલ છે. તેઓ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધવવા અને રક્ષણ મેળવવા ગયેલ પરંતુ તેઓ સાથે ઉદ્ધતાઈ ભર્યુ વર્તન અને કહેલ કે, તમારાથી થાઈ તે કરી લો, તમારી ફરીયાદ ન નોંધાઈ, તમે ભાજપના કોર્પોરેટર છો એટલે હું તમારાથી ડરતો નથી, તમારા થાઈ તે કરી લેજો, જેને કેવું હોઈ તેને કહી દો કહી તાનાશાહી વર્તન કરી હોદોના દૂરપયોગ કરી સ્થાનીક અન્ય પોલીસ દ્વારા પોલીસ સ્ટેશનમાં ધકકા મારી હાકી કાઢવા બળજબરી કરેલ હતી.

# વોર્ડ નં.૧માં ૨૯.૭૪ કરોડના વિકાસ કામો થશે

### વર્ધમાનનગર સહિતના વિસ્તારમાં ડ્રેનેજ, ડામર સહિતના નેટવર્ક આપશે મનપા

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ, તા.૬

વોર્ડ નં.૧માં રૂ.૧.૫૯ કરોડના ખર્ચે રામાપીર ચોક મેઈન રોડ પર રાણીમાં-રૂડીમાં ચોક થી સ્માર્ટ સીટી સુધી ફુટપાથ તથા સાઇડ સોલ્ડરમાં પેવીંગ બ્લોક નાખવાનુ કામ, અમૃત ૨.૦ અંતર્ગત રૂ.૧૦.૪૩ કરોડના ખર્ચે મંજૂર કરાયું છે.

વર્ધમાનનગર ૨૪.૦૦ મી. ડી.પી. રોડના ઉત્તર તથા દક્ષિણ તરફના ભાગમાં ડ્રેનેજ હાઉસ કનેકશન સીસ્ટમ તથા રોડ રીસ્ટોરેશન, રૂ. બે કરોડના ખર્ચે રૈયાધાર વિસ્તારમાં માધવ ચોક થી બંસીધર પાર્ક સોસાયટીનાં છેડા સુધીના ૨૪.૦૦ મી. રોડને ડામર, રૂ.૧૫.૪૦ કરોડના ખર્ચે જામનગર હાઈ-વે રોડનાં ઉત્તર



તરફનાં ભાગમાં ડ્રેનેજ સીવરેજ નેટવર્ક અને રેલ્વે ક્રોસીંગ, રાજકોટ જામનગર હાઈ-વેમાં પાઈપ પુસીંગ તથા રોડ રીસ્ટોરેશનનું કામ અને રૂ.૩૧.૨૦ લાખના ખર્ચે ઈન્દીરાનગર આવાસ યોજના પાસે ૨-આંગણવાડી તથા કમ્પાઉન્ડવોલ બનાવવાના કુલ મળીને રૂ.૨૯.૭૪ કરોડના જુદા જુદા કામો આજરોજ સ્ટેન્ડીંગ કમિટીની મીટીંગમાં મંજુર કરવામાં આવેલ છે.

આ કામ મંજુર કરવા બદલ વોર્ડ નં.૧ના કોર્પોરેટર અને મંત્રી ભાનુબેન બાબરીયા અને હિરેનભાઈ ખીમાણીયા દ્વારા સ્ટે.ચેરમેન જયમીનભાઈ ઠાકર તથા સભ્યોનો આભાર માનવામાં આવ્યો છે.

# રાજકોટ શહેરના ૩ વોર્ડમાં ગેરકાયદેસર ખડકાયેલા ૩૭ મકાન-ઝૂંપડાઓનું ડિમોલિશન

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ, તા. ૭

ગેમઝોન અગ્નિકાંડ બાદ કોમામાં સરી ગયેલ મહાનગરપાલિકામાં ફરી જીવ આવ્યો હોય તેમ એક પછી એક વિભાગની કામગીરી શરૂ કરવામાં આવી છે. જેમાં ખાસ કરીને ગેરકાયદેસર બાંધકામોનું ડીમોલેશન કામ ચાલુ કરી એક સાથે ત્રણ વોર્ડમાં ૩૭ મકાન-ઝુપડાઓ તોડી પાડી ગેરકાયદેસર જગ્યા ઉપર ધમધમતા અને તાજેતરમાં બ્લાસ્ટ થયેલ તે જલારામ બેકરી સહિતના ત્રણ ખાણી પીણીના એકમો સીલ કર્યા હતાં.



મનપાના ટાઉન પ્લાનિંગ વિભાગ દ્વારા આજે સવારથી ડિમોલેશન અને સીલીંગ કામગીરી હાથ ધરી વોર્ડ નં. ૩ માં ણરેલનગર ટીપી સ્કીમ નં. ૨૩, એફપી નં. ૨૪, હેતુની જમીનમાં થયેલ ૨૦ ચો.મી.નું ગેરકાયદેસર રૂમનું દબાણ તેમજ સંતોષી ફાટકથી મેઈન રોડ ઉપર ૨૪ મીટરના ટીપી રોડના ૬ મકાનોના દબાણ ઉપર બુલ્ડોઝર ફેરવી દેવામાં આવેલ તેમજ પરસાણા નગર વિસ્તારમાં સાર્વજનિક પ્લોટ ઉપર ખડકાયેલા ૨૭ ઝુપડાઓ ઉપર બુલ્ડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું.

જ્યારે વોર્ડ નં. ૨માં એકજાનનગર સોસાયટી પ્લોટ નં. ૧૦૯ એરપોર્ટ રોડ ઉપર ૩૦ ચો.મી. જગ્યા ઉપર થયેલ ગેરકાયદેસર બે રૂમનું બાંધકામ તોડી પાડવામાં આવ્યું હતું. તેમજ વોર્ડ નં. ૭ માં પંચનાથ મંદિરની સામે પંચનાથ ટીના નામે પાર્કિંગની જગ્યામાં થયેલ દિવાલનું ગેરકાયદેસર બાંધકામ તોડી પાડવામાં આવેલ આજે ૩ વોર્ડમાં અલગ અલગ સ્થળ ઉપર થયેલા ૩૭ મકાનો તેમજ ઝુપડાનું દબાણ દૂર કરી મહાનગરપાલિકાએ સાર્વજનિક પ્લોટની તેમજ માર્જીનની જગ્યા ખુલ્લીકરાવી હતી.

મનપાના ટાઉન પ્લાનીંગ વિભાગ દ્વારા ગેરકાયદેસર બાંધકામો દૂર કરવાની સાથો સાથ સુચીતની જગ્યા ઉપરતેમજ મંજુરી વગર કરવામાં આવેલા બાંધકામો સીલ કરવાની કાર્યવાહી હાથ ધરાઈ હતી. જે અંતર્ગત આજે વોર્ડ નં. ૩ માં ગાયકવાડી મેઈન રોડ જંકશન પ્લોટમાં આવેલ રાજુ ફૂટકોર્ટનું ગેરકાયદેસર બાંધકામ સીલ કરી સીંધી કોલોનીમાં આવેલ જલારામ બેંકરીનું ગેરકાયદેસર બાંધકામ પણ સીલ કરવામાં આવ્યું હતું. તેમજ વોર્ડ નં. ૨ માં નહેરુનગર મેઈન રોડ ઉપર ફૌજી રેસ્ટોરન્ટ દ્વારા ગેરકાયદેસર બાંધકામ કરેલું હોવાનું ધ્યાનમાં આવતાફૌજી રેસ્ટોરન્ટ સીલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

નો ફેવર, નો ફિઅર...
સામના મિરર
Daily Morning Newspaper



ડિજિટલ ભારતની સાથે
તમે પણ બનો ડિજિટલ...



તમારા ધંધા-વેપારની
જાહેરાત 'સામના મિરર'માં
આપી આપના
વ્યવસાયને પહોંચાડો
લાખો વાંચકો સુધી...





મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા
વોટ્સએપ પર
Hi લખીને મોકલો
98983 17826



અને જોડાઇ જાવ અમારી સાથે...


લાઈફ ટાઈમ*
ડિમેટ એકાઉન્ટ ફ્રી
AM
TRADING
ફ્રી એડવાઈઝરી
EQUITY STOCK
IPO/SME IPO
OPTION TRADING
NIFTY BANK NIFTY
COMODITY
CURRANCY
Design by:- With Me Digital : 9537300305
દરરોજ ફ્રી માહિતી મેળવવા
માટે આપેલ QR CODE SCAN
કરીને જોઈન કરો.
Mayuri Bagadai
63555 17630
AM trading
am_trading71


7 ACRE OF GRANDIOSITY
IN THE HEART OF RAJKOT
SAPPHIRE
Skyline
Magnificent
4 BHK Flats & Penthouses
Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
JS
GROUP
@ KALAWAD ROAD,
NEAR CRYSTAL MALL
Contact Us. 73000 60030 • 92746 11111
KALAVID

SAPPHIRE GOLD

Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
RAJKOT | MUMBAI | AHMEDABAD
jmjprojects.in

સેફાયર છે ને.. !!
શું કામ ન મળે સપનાનું ઘર...

2 BHK Flats
618 Carpet

3 BHK Flats
824 Carpet

એકવાર સેમ્પલ ફ્લેટ તો જુઓ, બીજું કંઇ નહીં ગમે...

@ Raiya Road, Opp. Tulsi Super Market, Rajkot

Contact : 94038 90004

RERA Reg. No.: PR/GJ/RAJKOT/RAJKOT/Others/MAA 12629/111123
Web : gujrera.gujarat.gov.in

# PROPERTY ZONE

(૧) મનહર પ્લોટ શેરી નંબર સાતમાં પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે સામે ખેતીલાયક જમીન ચાલશે ૮૦.હજાર ભાડાની આવક સાથે સામે ખેતીની જમીન ચાલશે

(૨) રૈયા રોડ પર ૩૫૮ વાર જગ્યા વેચવાની છે દરેક ધંધાને અનુરૂપ રોડ ટચ

(૫) પંચવટી સોસાયટી ૩૦૫ વાર પ્લોટ વેચવાનો છે

(૬) પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે ત્રણ બેડરૂમ હોલ કિચન લોકેશન સુભાષ નગર મેઈન રોડ

(૭) રૈયા રોડ આલા ગ્રીન સિટી પાસે ૨ બીએચકે નો ફ્લેટ વેચવાનો છે ૬૮૦ કાર્પેટ, લક્ઝરી ફર્નિચર સાથે સાતમો માળ

**રાજકોટના પોર્સ વિસ્તારમાં પ્રોપર્ટી લે-વેચ કરવા માટે અમારો સંપર્ક કરવો**
**મોબાઈલ નં. ૯૯૨૪૧ ૪૭૦૫૯ રમેશભાઈ વાગડીયા**

# તાત્કાલિક કસમાં ચાલુ વ્યવસાય સાથેનો શોરૂમ વેચવાનો છે

**કાલાવડ રોડ પરિમલ સ્કુલ ની સામે જયસીયારામ ટીસ્ટોલની બાજુમાં મોં. 98983 17826**


VS
GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઈ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્ભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062